## સુવિચાર
લક્ષ્ય જેના ઉંચા અને મસ્ત હોય
છે જીવનમાં એની જ પરીક્ષા
સખ્ત હોય...

mukhyasamachardaily@gmail.com

ચોથી જાગીરનો પડકાર
# મુખ્ય સમાચાર
સાંધ્ય દૈનિક

## આજનો ઈતિહાસ
ગુજરાત આજે ૧ મેના રોજ તેના સ્થાપના દિવસની ઉજવણી કરી રહ્યું છે. આ શુભ પ્રસંગ ૧૯૬૦માં બોમ્બે રાજ્યના વિભાજન પછી રાજ્યની સ્થાપનાને ચિહ્નિત કરે છે

Year-16, Issue-20 ■ DATE : 01-05-2025 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# આજથી ATM સહિત અનેક નિયમોમાં ફેરફાર

## LPG સિલિન્ડર સસ્તુ થયુંઃ રેલ્વે ટિકિટ બુકિંગના નિયમોમાં બદલાવઃ ગ્રામિણ બેંકોનું વિલીનીકરણઃ નવા નિયમો-ફેરફારની લોકો ઉપર સીધી અસર પડશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

આજથી ATMમાંથી પૈસા ઉપાડવા મોંઘા થશે. આજથી LPG સિલિન્ડરના દર અને FD બચત ખાતા પરના વ્યાજમાં ફેરફાર થયો છે. રેલ્વે ટિકિટ બુક કરાવવાના નિયમોમાં ફેરફાર થયો છે. મે મહિનો આજથી શરૂ થઈ ગયો છે અને પહેલા દિવસથી જ દેશમાં ઘણા ફેરફારો લાગુ કરવામાં આવ્યા છે, જેની અસર દરેક ઘર અને દરેક ખિસ્સામાં જોઈ શકાય છે.

ભારતીય રિઝર્વ બેંકે આજથી ATM ઉપાડના ચાર્જમાં સુધારો કર્યો છે. મફત માસિક મર્યાદા સમાપ્ત થયા પછી, ગ્રાહકોએ હવે ATM પર પ્રતિ ટ્રાન્ઝેક્શન રૂ.૨૩ ચૂકવવા પડશે. પહેલા પ્રતિ ટ્રાન્ઝેક્શન ૨૧ રૂપિયાનો ચાર્જ હતો. આ ફી ૨૦૨૨ માં લાગુ કરવામાં આવી હતી.

ભારતીય રેલ્વેના નવા નિયમ મુજબ, વેઈટિંગ લિસ્ટ ટિકિટ ધરાવતા મુસાફરોને હવે સ્લીપર કે એસી કોચમાં મુસાફરી કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. જે મુસાફરોની ટિકિટ વેઈટિંગ લિસ્ટમાં છે તેઓ હવે ફક્ત જનરલ કોચમાં જ મુસાફરી કરી શકશે. જો કોઈ મુસાફર વેઈટિંગ ટિકિટ પર એસી કે સ્લીપર કોચમાં મુસાફરી કરતો જોવા મળશે, તો તેને દંડ કરવામાં આવશે. નવા નિયમોનો ઉદ્દેશ્ય મુસાફરીની સુવિધા વધારવા અને કોચમાં ભીડ ઘટાડવાનો છે.

વધુમાં, તમારે ટ્રેનના શરૂઆતના સ્ટેશનથી તમે જ્યાં પકડો છો તે સ્ટેશન સુધીનું ભાડું ચૂકવવું પડશે.

રેલવેએ જણાવ્યું હતું કે IRCTC દ્વારા બુક કરાયેલી ટિકિટ કન્ફર્મ ન થાય તો તે આપમેળે રદ થઈ જાય છે. પરંતુ લોકો ટ્રેનમાં ચઢવા માટે કાઉન્ટર પરથી બુક કરાયેલી ટિકિટનો ઉપયોગ કરે છે. આના કારણે, કન્ફર્મ ટિકિટ ધરાવતા મુસાફરોને અસુવિધાનો સામનો કરવો પડે છે.

૧ મે, ૨૦૨૫ થી અમલમાં આવનારો બીજો નિયમ એ છે કે IRCTC વેબસાઈટ અથવા એપ



પરથી બુક કરાયેલ દરેક ટ્રેન ટિકિટ માટે OTP-આધારિત મોબાઈલ વેરિફિકેશનની જરૂર પડશે. આ પગલાનો હેતુ સુરક્ષા વધારવા અને બુકિંગ સિસ્ટમના દુરુપયોગને રોકવાનો છે.

આજે, ૧ મેના રોજ, કોલકાતામાં કોમર્શિયલ સિલિન્ડરનો ભાવ હવે ૧૮૬૮.૫૦ રૂપિયાને બદલે ૧૮૫૧.૫૦ રૂપિયા છે. મુંબઈમાં આ સિલિન્ડરની કિંમત હવે રૂ. રૂ. ને બદલે ૧૬૯૯. ૧૭૧૩.૫૦ અને મુંબઈમાં તે રૂ.માં ઉપલબ્ધ થશે. ૧૯૦૬.૫૦ ને બદલે રૂ. ૧૯૨૧.૫૦.

૧૧ રાજ્યોમાં પ્રાદેશિક ગ્રામીણ બેંકોનું વિલીનીકરણ કરવામાં આવ્યું છે. આજથી, એટલે કે ૧ મેથી, એક રાજ્ય, એક પ્રાદેશિક ગ્રામીણ બેંકની નીતિ અમલમાં આવી છે. આ મર્જર પ્લાનમાં આંધ્ર પ્રદેશ, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, બિહાર, ગુજરાત, જમ્મુ અને કાશ્મીર, કર્ણાટક, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા અને રાજસ્થાનનો સમાવેશ થાય છે.

મે મહિનાના પહેલા દિવસે બીજો મોટો ફેરફાર થવાનો છે. વાસ્તવમાં, ૧ મે, ૨૦૨૫ થી, એક રાજ્ય-એક આરઆરબી યોજના દેશના ૧૧ રાજ્યોમાં લાગુ થવા જઈ રહી છે. આ અંતર્ગત, દરેક રાજ્યમાં તમામ પ્રાદેશિક ગ્રામીણ બેંકોને જોડીને એક મોટી બેંકની રચના કરવામાં આવશે. આનાથી બેંકિંગ સેવાઓ વધુ સારી બનશે અને ગ્રાહકો પહેલા કરતાં વધુ સુવિધાઓનો લાભ લઈ શકશે. આ ફેરફાર યુપી, આંધ્રપ્રદેશ, ગુજરાત, એમપી સહિત અન્ય રાજ્યોમાં લાગુ કરી શકાય છે.

મધર ડેરી અને વેર્કા બ્રાન્ડ્સ પછી, અમૂલે પણ દેશભરમાં દૂધના ભાવમાં પ્રતિ લિટર ૨ રૂપિયાનો વધારો કર્યો છે. નવા ભાવ આજથી એટલે કે ગુરુવાર, ૦૧ મેથી અમલમાં આવ્યા છે. અમૂલ સ્ટાન્ડર્ડ, અમૂલ બફેલો મિલ્ક, અમૂલ ગોલ્ડ, અમૂલ સ્લિમ એન્ડ ટ્રીમ, અમૂલ ચાઈ માઝા, અમૂલ તાઝા અને અમૂલ ગાયના દૂધના ભાવમાં ૨ રૂપિયાનો વધારો થયો છે.

ફેરફારોમાં વ્યાજ દરો પણ શામેલ હોઈ શકે છે. ઉલ્લેખનીય છે કે RBI એ ગયા મહિને દ્વિમાસિક નાણાકીય નીતિ સમીક્ષા બેઠકમાં રેપો રેટમાં ઘટાડો કરવાની જાહેરાત કરી હતી. આ પછી, બેંકો તેમના વ્યાજ દરોમાં આ ઘટાડાને સતત સમાયોજિત કરી રહી છે.

# સતત સાતમાં દિવસે એલઓસી પર પાક. સૈનિકોનું ફાયરીંગ



**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

પાકિસ્તાની સૈનિકો સતત સાતમા દિવસે રાત્રે નિયંત્રણ રેખા પર યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કરી રહ્યા છે, પરંતુ દિવસે પાકિસ્તાની ચોકીઓ પણ ગાયબ થઈ જાય છે. ભારતીય જવાનોના જડબાતોડ જવાબથી પાક. સૈનિકો થરથર કાંપી રહ્યા છે.

પાકિસ્તાની સૈનિકો દિવસના અજવાળામાં પુરી રીતે ગાયબ થઈ જાય છે. ચોકીઓ પણ નજરે નથી પડતી પરંતુ રાત પડતા જ ફાયરીંગ કરવા માંડે છે. આનો ઉદેશ રાતના અંધારામાં પાકિસ્તાની સૈનિકોનો આતંકીઓની ઘુસણખોરી કરાવવાનો છે.

ભારતના સૈનિકોના જડબાતોડ જવાબથી ડરી ગયેલા- ધ્રુજી ગયેલી પાકિસ્તાની સેના અને તેના રેન્જરોએ અનેક અગ્રીમ પોસ્ટો પરથી પોતાના ઝંડા ઉતારી દીધા છે અને યુદ્ધની આશંકાથી તેમણે અગ્રીમ વિસ્તારોમાં તોપખાના અને ટેન્ક લાવીને ખડકી દીધી છે.

પાકિસ્તાની ફાયરીંગની પેટર્નના આધારે સુરક્ષા અધિકારીઓનું માનવું છે કે તેની પાછળ પાકિસ્તાની સેનાના બે ઉદેશ છે. પહેલો એ કે ગોળીબારી કરી સૈન્યમાં તનાવ વધારવો અને બીજો ગોળીબારીની આડમાં આતંકીઓની ઘુસણખોરી નિશ્ચિત કરવી.

પાકિસ્તાને ભારતીય સેનાના જવાબથી પોતાની ચોકીઓ અને ઝંડાઓ ઉતારી લીધા છે. આ ઉપરાંત પાક. રેન્જરો ઉપરાંત પાક. નાગરિકોની આવન-જાવન પણ દિવસે ઓછી દેખાય છે.

# ૨૩ મે સુધી પાકિસ્તાની એરલાઈન્સ માટે એરસ્પેસ બંધ

## ભારતે પાકિસ્તાન વિરુદ્ધ લીધો મોટો નિર્ણય

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

જમ્મુ કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલા બાદ ભારતે પાકિસ્તાન પર આકરા પગલાં લીધા છે. જ્યારે પાકિસ્તાને પણ ભારતીય એરલાઈન્સ માટે એર સ્પેશ બંધ કરી દીધો છે તેની બાદ આજે ભારતે પણ પાકિસ્તાની એરલાઈન્સ માટે એરસ્પેસ બંધ કરી દીધો છે. જેની માટે એરમેનને નોટિસ એટલે કે નોટમ જાહેર કરવામાં આવી છે. જેમાં ૩૦ એપ્રિલથી ૨૩ મે સુધી નોટમ જાહેર કરવામાં આવ્યું છે. આ સમયગાળા દરમિયાન, પાકિસ્તાનમાં નોંધાયેલ કોઈપણ વિમાન કે લશ્કરી વિમાન ભારતીય હવાઈ ક્ષેત્રમાં પ્રવેશી શકશે નહીં.

ભારત હવે પાકિસ્તાન માટે એર સ્પેશ બંધ કરતાં પાકિસ્તાનને મોટું નુકસાન થશે. પાકિસ્તાન એરલાઈન્સને હવાઇ યાત્રા માટે લાંબો રસ્તો અપનાવવો પડશે.

પાકિસ્તાની ફ્?લાઈટ્સ દક્ષિણ પૂર્વ એશિયાઈ દેશો માટે ચીનના એર સ્પેશનો ઉપયોગ કરવો પડશે. જેના લીધે મુસાફરીના સમય અને ઈંધણ ખર્ચમાં પણ તોતિંગ વધારો થશે.

ભારત તેના બંદર અંગે પણ કાર્યવાહી કરી શકે છે. ભારતના આ નિર્ણયથી પાકિસ્તાનની મુશ્કેલીઓ વધશે. પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતે સિંધુ જળ સંધિ સ્થગિત કરવા સિવાય અનેક આકરા નિર્ણયો લીધા છે.

# ગુજરાતનો આજે ૬૫મો સ્થાપના દિવસઃ ભાષાના આધારે રાજ્ય અસ્તિત્વમાં આવ્યું

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

આજે ગુજરાત રાજ્યનો સ્થાપના દિવસ છે. ગુજરાતના ૬૫માં સ્થાપના દિવસની ઠેર-ઠેર ઉજવણીઓ પણ કરાઈ રહી છે. આજના દિવસે જ કેન્દ્ર સરકારે ભાષાના આધારે બે રાજ્યોની સ્થાપના કરી હતી અને બોમ્બે સ્ટેટ એટલે કે બૃહદ મુંબઈને વિભાજિત કરીને બે રાજ્ય તરીકે ગુજરાત અને મહારાષ્ટ્રને અસ્તિત્વમાં આવ્યા હતા. એટલા માટે જ આ દિવસને ગુજરાત દિવસ, ગુજરાત સ્થાપના દિવસ કે ગુજરાત ગૌરવ દિવસ પણ કહેવાય છે.

ગુજરાતી ભાષી પ્રદેશોને મહાગુજરાત રાજ્ય તરીકે જાહેર કરવા માટે જ મહાગુજરાતની ચળવળ શરુ થઈ હતી. આ ચળવળ ખરેખર તો યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ શરુ કરી હતી અને ત્યારબાદ ટૂંક જ સમયમાં આ ચળવળ 'મહાગુજરાત આંદોલન'માં ફેરવાઈ હતી. મહાગુજરાત ચળવળના મુખ્ય હીરો હતા ઈન્દુલાલ યાજ્ઞિક હતા. તેમણે વર્ષ ૧૯૫૬માં એક સ્વતંત્ર ગુજરાત રાજ્યની ચળવળને વેગ આપ્યો હતો.

૧૯૫૫-૫૬ની આસપાસ ગુજરાત રાજ્યની અલગ




સ્થાપના કરવાની માગે જોર પકડ્યું. ત્યારે કેન્દ્રમાં જવાહર લાલ નહેરુ વડાપ્રધાન પદે હતા. શરુઆતમાં તેમણે આ માગને નજરઅંદાજ કરી હતી. પણ જ્યારે ગુજરાતમાં અલગ રાજ્યની માગ વધારે પ્રબળ થઈ તો કેન્દ્ર અને તત્કાલિન બોમ્બે રાજ્યની સરકારને માગ સ્વીકારવી પડી હતી. આ સાથે જ પહેલી મે દરમિયાન રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. જે ભાગમાં ગુજરાતી ભાષા બોલાતી હતી. તેને ગુજરાતનો ભાગ બનાવ્યો અને જે ભાગમાં મરાઠી ભાષા બોલાતી હતી, તેને મહારાષ્ટ્ર રાખવામાં આવ્યું.

# મે મહિના દરમ્યાન પણ સામાન્યથી વધુ તાપમાન રહેવાની આગાહી

## ભારતીય હવામાન વિભાગ દ્વારા સમગ્ર મે મહિના માટેની આગાહી જાહેર કરવામાં આવી



**મુખ્ય સમાચાર,અમદાવાદ**

ગુજરાત સહિત દેશના અનેકભાગો ગરમીનાં ભીષણ મોજામાં સપડાયા છે, જયારે આજથી શરૂ થયેલા મે મહિના દરમ્યાન પણ સામાન્યથી વધુ તાપમાન રહેવાની આગાહી હવામાન વિભાગે કરી છે. જોકે હવામાન વિભાગે કરી છે. જોકે હવામાન પલ્ટાથી થનારા વરસાદને કારણે અમુક દિવસો રાહત મળી શકે છે. ભારતીય હવામાન વિભાગ દ્વારા સમગ્ર મે મહિના માટેની આગાહી જાહેર કરવામાં આવી છે. આ મહિનામાં હીટવેવનાં દિવસો વધવાની ચેતવણી અપાઈ છે.ખાસ કરીને ઉત્તર, મધ્ય અને પૂર્વીય ભારતમાં ગરમાગરમ લુ ફુંકાશે અને લોકો વ્યાકુળ બનશે જોકે, રાહતની વાત એ છે કે, અનેક ભાગોમાં થોડા દિવસ હવામાન પલટો થશે.વરસાદ તથા આંધીનો માહોલ સર્જાશે અને ત્યારે તાપમાન નીચુ આવશે.

હવામાન વિભાગનાં વડા મૃત્યુંજય મહાપાત્રાએ કહ્યુ કે, રાજસ્થાન, હરિયાણા, પંજાબ, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ તથા પશ્ચિમ બંગાળના ભાગોમાં સામાન્ય કરતા વધુ ફુંકાશે.

આ સિવાય ગુજરાત,ઓડીશા, છતીસગઢ, મહારાષ્ટ, તેલંગાણા, તથા ઉતર કર્ણાટકમાં હીટવેવના દિવસો વધુ હશે. સરેરાશ એકથી ચાર દિવસ હીટવેવ રહી શકે છે. ચાલુ માસની ગરમી-તાપમાન ગત વર્ષ ૨૦૨૪ જેટલી ભયાનક નહિં હોય એકથી વધુ વખત આંધી-વરસાદ થશે એટલે તાપમાન નિયંત્રણમાં રહેશે.હવામાન પલટાની અસરથી ગરમીમાં આંશિક રાહત રહેશે. રિપોર્ટમાં એમ પણ કહેવાયું છે કે, આ વખતે ચાલુ મહિનામાં ઉતર ભારતમાં સામાન્ય કરતા ૧૦૯ ટકા વરસાદ થશે. સામાન્ય રીતે ૬૪.૧ મીમી વરસાદ થતો હોય છે.

એપ્રિલ-મહિનામાં દેશના જુદા જુદા ભાગોમાં હીટવેવનાં ૭૨ દિવસ હતો. રાજસ્થાન તથા ગુજરાતમાં સૌથી વધુ ૬ થી ૧૧ દિવસ હીટવેવની સ્થિતિ હતી. પૂર્વિય મધ્યપ્રદેશ તથા વિદર્ભમાં આ સંખ્યા ૪ થી ૬ દિવસની હતી. કલાયમેટ ચેન્જની અસર માત્ર ભારતમાં જ થશે. વિશ્વના અનેક દેશોમાં છે. બ્રિટન પણ બાકાત નથી. બ્રિટનમાં આજે તાપમાનનો પારો ૨૯ ડીગ્રીના રેકોર્ડસ્તરે પહોંચવાની આગાહી કરવામાં આવી છે. સતત ચોખ્ખુ આકાશ-સૂર્યપ્રકાશિત વાતાવરણ તથા બ્રિટન પર સર્જાયેલા ઉચ્ચ હવામાન દબાણને કારણે આ સ્થિતિ ઉભી થઈ છે.

# ભારતના આકરા પગલાંથી પાકે NSAની હકાલપટ્ટી કરી ISI ચીફને સોંપ્યો હવાલો

**મુખ્ય સમાચાર,ઈસ્લામાબાદ**

પહલગામમાં થયેલા ભયાનક આતંકવાદી હુમલા બાદ ભારત દ્વારા સુરક્ષાને લઈને લેવામાં આવી રહેલા સતત આકરા પગલાંથી પાકિસ્તાનમાં ભયનો માહોલ છે. આ દરમિયાન, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૩૦ એપ્રિલના રોજ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બોર્ડ (NSAB)માં નવા સભ્યોની નિમણૂક કરી અને આલોક જોશીને અધ્યક્ષ બનાવ્યા. આ ઘટનાક્રમ વચ્ચે, પાકિસ્તાને પણ પોતાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA)માં મોટો ફેરફાર કર્યો છે.

એક્સપ્રેસ ટ્રિબ્યુનના અહેવાલ અનુસાર, પાકિસ્તાનની ખતરનાક ગુપ્તચર એજન્સી ઈન્ટર-સર્વિસીસ ઈન્ટેલિજન્સ (ISI)ના પ્રમુખ લેફ્ટનન્ટ જનરલ મોહમ્મદ અસીમ મલિકને દેશના નવા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. મલિકને સપ્ટેમ્બર ૨૦૨૪માં ના વડા



બનાવવામાં આવ્યા હતા અને હવે તેમને NSAનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે.

ISIના પ્રમુખ બનતા પહેલાં અસીમ મલિકે પાકિસ્તાની સેનાના મુખ્યાલયમાં એડજ્યુટન્ટ જનરલ તરીકે પણ સેવાઓ આપી હતી, જ્યાં તેમણે કાનૂની અને શિસ્ત સંબંધિત બાબતો સહિત લશ્કરી વહીવટી મુદ્દાઓની દેખરેખ રાખી હતી. એક્સપ્રેસ ટ્રિબ્યુનના જણાવ્યા અનુસાર, એડજ્યુટન્ટ જનરલ તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન પાકિસ્તાનમાં કેટલીક મોટી ઘટનાઓ બની હતી, જેમાં પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની ધરપકડ અને ત્યાર-બાદ તેમના સમર્થકો અને પાર્ટી કાર્યકરો દ્વારા કરવામાં આવેલા વિરોધ પ્રદર્શનોનો સમાવેશ થાય છે.

પોતાના લશ્કરી કારકિર્દી દરમિયાન અસીમ મલિકે બલૂચિસ્તાન અને દક્ષિણ વઝીરિસ્તાનમાં પણ ડિવિઝનની કમાન સંભાળી હતી. આ બંને વિસ્તારો પાકિસ્તાન માટે ભારે સુરક્ષા પડકારો ઊભા કરતા રહ્યા છે. પાકિસ્તાન સરકારે મલિકની નિમણૂક એવા સમયે કરી છે જ્યારે પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ખૂબ જ વધી ગયો છે. આ હુમલામાં ૨૬ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા હતા.

આ ઘટના બાદ ભારત સરકારે પાકિસ્તાન સામે અનેક કડક પગલાં લીધા છે. તાજેતરના આકરા પગલાંની વાત કરીએ તો, ભારતે પાકિસ્તાની વિમાનો માટે પોતાનું હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધું છે. આ સાથે જ પાકિસ્તાનના ઘણા જાણીતા કલાકારોના સોશિયલ મીડિયા એકાઉન્ટ અને ચેનલોને પણ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. પાકિસ્તાનના લોકપ્રિય કલાકારો હાનિયા આમિર, માહિરા ખાન અને અલી ઝફર ભારતમાં પણ ખૂબ જ લોકપ્રિય છે, પરંતુ હવે સરકાર દ્વારા તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ અને ચેનલોને ભારતમાં નિલંબિત કરવામાં આવ્યા છે.

# ભારતના ચાર રાફેલ વિમાનો પાકિસ્તાનની સીમામાં ઘુસી ગયા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

પહેલગામ ત્રાસવાદી હુમલાના દોષિતોને પાઠ ભણાવવા કટીબદ્ધ ભારત કલાકોમાં હુમલો કરશે તેવા દાવા સાથે ફફડી રહેલા પાકિસ્તાને નવી કાગારોળ શરૂ કરી દીધી છે.

પાકિસ્તાનના સરકારી મીડીયા દ્વારા એવો દાવો કરવામાં આવ્યો છે કે ભારતના ચાર રાફેલ વિમાનો પાકિસ્તાની સીમામાં ઘુસી ગયા હતા અને પાકિસ્તાન કાંઈ કરી શકે તે પુર્વે પાછા ફરી ગયા હતા.

પાકિસ્તાની બ્રોડકાસ્ટર પીટીવીના રિપોર્ટ મુજબ વાસ્તવિક અંકુશરેખામાં ઓપરેશન દરમ્યાન



રાફેલ તથા સુ-૩૦ એમકેઆઈ લડાકુ વિમાન જોવા મળ્યો હતો. પાક વાયુસેના તેનો પીછો કરે તે પુર્વે પરત ફરી ગયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, બોર્ડર પર ભારતે સૈન્ય ગતિવિધિ વધારી જ દીધી છે. ડ્રોનથી પણ વોચ રાખવામાં આવી રહી છે. પાકિસ્તાની પ્રધાને જ ૨૪-૩૬ કલાકમાં હુમલો થવાની ચેતવણી આપી હતી. ભારત સરકારે સૈન્યને ગમે તેવા હુમલા કરવાની છુટ્ટ આપી જ છે અને હાલત અત્યંત તનાવપૂર્ણ છે.

# અક્ષય તૃતીય પર ગુજરાતમાં સોનાનું વેચાણ ૪૦ ટકા જ રહ્યું

## ઊંચા ભાવને કારણે અક્ષય તૃતીયાએ સોનાની ચમક ફિક્કી રહી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

અક્ષય તૃતીયા પર સમગ્ર ભારતમાં સોના અને ચાંદીની મોટી ખરીદીના અનુમાન છે. કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સના રાષ્ટ્રીય મહાસચિવ અને દિલ્હી ચાંદની ચોકના સાંસદ પ્રવીણ ખંડેલવાલે જણાવ્યું હતું કે, દિવસના ટ્રેડિંગ પછી એક અંદાજ મુજબ લગભગ ૧૨ હજાર કરોડ રૂપિયાના સોનાના આભૂષણોનું વેચાણ થયું છે અને લગભગ ચાર હજાર કરોડ રૂપિયાની ચાંદીનો વેપાર થયો છે.

તેમના મતે સોના-ચાંદીના ભાવમાં ઘણો વધારો થયો હોવા છતાં લગ્નસરાની સિઝન અને અક્ષય તૃતીયાના શુભ દિવસે સોના-ચાંદીની ખરીદીની પ્રાચીન પરંપરાને કારણે આજે સારો કારોબાર થયો હતો. તેમણે કહ્યું કે પૈસાના રોકાણ માટે સોનાને શ્રેષ્ઠ વિકલ્પ માનવામાં આવે છે, તેથી સોના-ચાંદીના ભાવમાં વધારો થવા છતાં આજે સોના-ચાંદીમાં ખરીદી જોવા મળી હતી.

જ્વેલરી વિક્રેતાઓની સંસ્થા ઓલ ઈન્ડિયા જેમ્સ એન્ડ જ્વેલરી ડોમેસ્ટિક કાઉન્સિલે જણાવ્યું હતું કે, દેશના વિવિધ ભાગોમાં સોનાની કિંમત ૯૯,૫૦૦ રૂપિયા અને ૯૯,૯૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામની વચ્ચે છે, જે ૨૦૨૪માં અક્ષય તૃતીયા પર ૭૨,૩૦૦ રૂપિયા કરતાં ૩૭.૬ ટકા વધુ છે.

ઓલ ઈન્ડિયા જ્વેલર્સ એન્ડ ગોલ્ડસ્મિથ ફેડરેશનના પ્રમુખ પંકજ અરોરાએ જણાવ્યું કે, વર્ષ ૨૦૨૨માં સોનાની કિંમત ૫૨,૭૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ અને ચાંદીની કિંમત ૬૫



હજાર રૂપિયા પ્રતિ કિલો હતો.

જ્યારે વર્ષ ૨૦૨૩માં સોનાની કિંમત ૬૧,૮૦૦ રૂપિયા અને ચાંદીની કિંમત ૭૬,૫૦૦ રૂપિયા હતી અને વર્ષ ૨૦૨૪માં આ જ સોનાની કિંમત ૭૪,૯૦૦ રૂપિયા પ્રતિ ૧૦ કિલો હતી. નીચા ભાવને કારણે માંગ વધુ રહે છે.

ઉદ્યોગ મંડળ ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીનું કહેવું છે કે, અક્ષય તૃતીયાના શુભ મુહૂર્ત પર દિલ્હીમાં લગભગ ૨૧,૦૦૦ લગ્નો થવાના કારણે લગ્ન સંબંધિત બિઝનેસ એક જ દિવસમાં રૂ. ૧,૦૦૦ કરોડને વટાવી જવાની આશા છે.

આ વર્ષે જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં ભારતમા સોનાની માંગ ૧૫ ટકા ઘટીને ૧૧૮.૧ ટન થઈ હતી, જ્યારે ભાવ વધવાને કારણે તેનું મૂલ્ય ૨૨ ટકા વધીને રૂ. ૯૪,૦૩૦ કરોડ થયું હતું. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ દ્વારા બુધવારે જાહેર કરવામાં આવેલી આગાહી મુજબ, ૨૦૨૫ સુધીમાં ભારતની સોનાની માંગ ૭૦૦-૮૦૦ ટન વચ્ચે રહી શકે છે.

વર્ષ ૨૦૨૫ની શરૂઆતથી, સોનાના ભાવમાં ૨૫ ટકાનો વધારો થયો છે, જે ૧,૦૦,૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામની મર્યાદા સુધી પહોંચી ગયો છે, જેના કારણે ગ્રાહકોની પેટર્નમાં બદલાવ આવ્યો છે.

# જામનગરમાં હવાઈ ચોકમાં પાકિસ્તાની ઝંડાની રંગોળી બનાવી મુર્દાબાદના નારા લગાવ્યા




**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર શહેરના હવાઈ ચોક વિસ્તારમાં નાગરિકોએ પાકિસ્તાન વિરુદ્ધ અનોખો વિરોધ પ્રદર્શન કર્યું છે. સ્થાનિક લોકોએ રસ્તા પર પાકિસ્તાનના ઝંડાની રંગોળી બનાવી તેના પર મુર્દાબાદના સૂત્રો લખ્યા છે.પ્રદર્શનકારીઓએ પાકિસ્તાન સામે આક્રોશ વ્યક્ત કરતા સિંધુ જળ સંધિ પર ભારત સરકારના કડક વલણને આવકાર્યું છે. જામનગરવાસીઓએ પાકિસ્તાન સામે આર્થિક પ્રતિબંધોની માગણી પણ કરી છે.આ વિરોધ પ્રદર્શન દરમિયાન નાગરિકોએ દેશભક્તિના નારા લગાવ્યા અને પાકિસ્તાન વિરોધી સૂત્રોચ્ચાર કર્યા. આ રીતે જામનગરના લોકોએ પાકિસ્તાન સામેનો પોતાનો વિરોધ અનોખી રીતે વ્યક્ત કર્યો છે

# મોડપર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું કેબીનેટ મંત્રી મુળુભાઈ બેરાના હસ્તે લોકાર્પણ કરાયું

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર, રાજ્યના પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ વિભાગના મંત્રીઅને જામનગર જિલ્લાના પ્રભારી મંત્રી મુળુભાઇ બેરાએ લાલપુર તાલુકામાં મોડપર ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કર્યું હતું. રૂ.૧કરોડ ૭લાખના ખર્ચે ૪૫૫.૫૩ ચો.મી. જગ્યામાં નિર્માણ પામેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પી.એમ.રૂમ, ડ્રેસીંગરૂમ, લેબોરેટરી, મમતા કલીનીક, લેબરરૂમ, પ્રિઓપરેશન રૂમ, સ્ક્રબ રૂમ, ચેન્જ રૂમ, માઇનોર ઓપરેશન થિયેટર, પુરુષ અને સ્ત્રીઓનો અલગ વોર્ડ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.આ કાર્યક્રમમાં મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, સર્વે ભવન્તુ સુખીન ના મંત્ર સાથે આરોગ્યની સુખાકારી માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર સતત કાર્યરત છે. જામનગર જિલ્લામાં ૩૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલા છે તે પૈકી લાલપુર તાલુકાના મોડપર ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સુવિધા થકી આજુબાજુના ૧૦ ગામોની ૨૫૦૦૦ જેટલી વસ્તીને અહીની



સેવાઓનો લાભ મળશે.વિશ્વની સૌથી મોટી આરોગ્યલક્ષી યોજના ભારતમાં લાગુ છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળના આયુષ્માન કાર્ડની સુવિધાથી ગુજરાતમાં રૂ.૧૦ લાખ સુધીની સારવાર લોકોને વિનામૂલ્યે આપવામાં આવે છે. ત્યારે મોડપર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સામાન્ય રોગો, સગર્ભાની પ્રસુતિ તથા તેના લગત સંભાળ, નવજાત શિશુની આરોગ્ય સંભાળ, બાળકોને રસીકરણ, કુટુંબ કલ્યાણની કામગીરી, ચેપી રોગોની સારવાર, રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમની અમલવારી, બી.પી., ડાયાબીટીસ, કેન્સર જેવા રોગોની ઓળખ, સારવાર તથા રેફરલ સેવાઓ, પ્રાથમિક તબીબી સેવાઓ તથા જરૂરિયાત મુજબની લેબોરેટરી તપાસ સાથેની સેવાઓ આ નવનિર્મિત બિલ્ડીંગમાં ઉપલબ્ધ થશે. દરેક નાગરિક નીરોગી અને સ્વસ્થ રહે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે.આ કાર્યક્રમમાં જીલ્લા પંચાયતના પ્રમુખ મેયબેન ગરસર, તાલુકા પંચાયતના પ્રમુખ પ્રવીણસિંહ જાડેજા, અગ્રણી વિનોદભાઈ ભંડેરી, જીલ્લા પંચાયતના સદસ્યો વિઠ્ઠલભાઈ, કે.બી.ગાગિયા,એ.પી.એમ.સી.ના ચેરમેન કાનાભાઈ આંબલીયા,પૂર્વમંત્રી ચીમનભાઈ સાપરિયા, અગ્રણીઓ રમેશભાઈ ગાગિયા. રમેશભાઈ મુંગરા, દિલીપભાઈ ભોજાણી, અભિષેકભાઈ પટવા,સરપંચ લખુભાઈ ગાગિયા, જીલ્લા આરોગ્ય અધિકારી ડો.રાજેશ ગુપ્તા, તાલુકા હેલ્થ ઓફિસરઓ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સ્ટાફ તથા બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### મોરબીના ખાખરાળા ગામમાં ૨૧ વર્ષના યુવાનની છરીના ઘા ઝીંકીને હત્યા,પોલીસ તપાસ શરૂ

મોરબીના ખાખરાળા ગામે ૨૧ વર્ષીય યુવાનની છરીના ઘા ઝીંકી હત્યા થયાનો બનાવ સામે આવ્યો છે, ત્યારે ઘટનાની જાણ થતા તાલુકા પોલીસ ટીમ સ્થળ ઉપર પહોંચી, હત્યા ક્યાં કારણોસર કરવામાં આવી તે દિશામાં તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. મોરબી તાલુકાના ખાખરાળા ગામના રબારી વાસમાં આજે રાત્રિના સમયે એક હત્યાની ઘટના બની છે. જેમાં ૨૧ વર્ષીય યુવાન કિશન જગદીશભાઈ કરોતરાની છરીના ઘા ઝીંકીને હત્યા કરવામાં આવી છે. મૃતક હાલ રાજકોટ શહેરમાં બીએડનો અભ્યાસ કરતો હતો અને સાથે જ જીપીએસસી જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી પણ કરી રહ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ યુવાન વેકેશનના કારણે માત્ર બે દિવસ પૂર્વે જ ખાખરાળા ગામે આવ્યો હતો. હત્યાના કારણો વિશે હજુ સુધી સ્પષ્ટ માહિતી મળી નથી. ઘટનાને પગલે સ્થાનિક પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો છે. પોલીસ દ્વારા તપાસની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

# જામનગર એસપીની અધ્યક્ષતામાં જિલ્લાની ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ



**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરના એસપી પ્રેમસુખ ડેલુની અધ્યક્ષતામાં એસ.પી. કચેરી ખાતે જિલ્લાની ક્રાઈમ કોન્ફરન્સ યોજવામાં આવી હતી, જેમાં જામનગર શહેર જિલ્લાના તમામ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા, અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બાબતે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.જામનગરના એસપી પ્રેમસુખ ડેલુની આગેવાનીમાં શહેર વિભાગના ડીવાયએસપી જે. એન. ઝાલા, પોલીસ હેડ ક્વાર્ટરના ડીવાયએસપી વી. કે. પંડ્યા, જામનગર ગ્રામ્યના ડીવાયએસપી આર. બી. દેવધા, જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીઆઇ વી. એમ. લગારીયા, એસ ઓ જી ના પી.આઈ.બી.એન. ચૌધરી, સીટી-એ ડિવિઝનના પીઆઇ એન એ ચાવડા સીટી-બી ડિવિઝન ના પી.આઈ. પી.પી. ઝા ઉપરાંત સીટી-સી ડિવિઝનના પી.આઈ. ડાભી, ટ્રાફિક શાખાના એમ.બી. ગજ્જર, થતા શહેર જિલ્લાના અન્ય પોલીસ મથકના તમામ પોલીસ ઈન્સ્પેક્ટર વગેરે આ ક્રાઈમ કોન્ફરન્સમાં ઉપસ્થિત રહ્યા હતા, અને જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ દ્વારા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા સંદર્ભે જરૂરી સૂચનો કરાયા હતા.

# ABVP મોરબી દ્વારા LE કોલેજમાં પ્રશાસનની બેદરકારી વિરુદ્ધ ઉગ્ર વિરોધ પ્રદર્શન

## વિદ્યાર્થીઓના પ્રશ્નોને લઈને પ્રિન્સીપાલના અભિગમ સામે ABVPનો તીવ્ર રોષ, ૧૫ દિવસમાં નિવારણની બાહેંધરી

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી એલ.ઈ.કોલેજ હોસ્ટેલના વિદ્યાર્થીઓના પ્રશ્નોને લઈને ABVPએ શરૂઆતમાં શાંતિપૂર્ણ રજૂઆત કરી હતી, પરંતુ પ્રિન્સીપાલના અવિનયપૂર્ણ વર્તન બાદ સ્થિતિ ઉગ્ર બની હતી. ત્યારે વિરોધ પ્રદર્શન બાદ કોલેજ પ્રશાસને ૧૫ દિવસમાં વ્યવસ્થાઓ સુધારવાની બાહેંધરી આપી હતી.

મોરબીમાં એલ.ઈ.કોલેજના હોસ્ટેલમાં રહેલા વિદ્યાર્થીઓને વિવિધ સુવિધાઓ અંગેની તકલીફો બાબતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ મોરબી દ્વારા અગાઉ તારીખ ૧ એપ્રિલ ૨૦૨૫ના રોજ પ્રશાસનને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આ પ્રશ્નોના નિરાકરણ અંગે માહિતી મેળવવા ABVPના કાર્યકર્તાઓ તારીખ ૩૦ એપ્રિલે સવારે ૧૧૩૦ કલાકે કોલેજના પ્રિન્સીપાલને મળવા ગયા હતા. પરંતુ



પ્રિન્સીપાલ દ્વારા મળવાનો ઇનકાર કરી ગેરવ્યાજબી જવાબ આપ્યો હતો, જેનાથી વિદ્યાર્થીઓમાં અસંતોષ ફાટી નીકળ્યો હતો. જેથી વિદ્યાર્થીઓ દ્વારા બપોરે ૨૩૦ સુધી શાંતિપૂર્વક રજૂઆત કરવામાં આવી, છતાં કોઈ હકારાત્મક અભિગમ ના લેવાતા ABVPના કાર્યકર્તાઓએ તીવ્ર વિરોધ પ્રદર્શન શરૂ કર્યું હતું.

એલ.ઈ. કોલેજ પ્રશાસને વિરોધ પ્રદર્શન અટકાવવા પોલીસની સહાય લેવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ અંતે પ્રિન્સીપાલે રજૂઆત સ્વીકારી હતી. રજૂઆત દરમિયાન જાણવા મળ્યું કે હોસ્ટેલમાં હાલ સુધી કોઈ પ્રશ્નોનું નિરાકરણ થયું નથી અને કોલેજ કેમ્પસમાં પણ સ્વચ્છતા અને પાણી જેવી સુવિધાઓની ઘોર ઉણપ છે, અને પ્રિન્સીપાલ દ્વારા નિવેદન આપ્યું કે, ''આ પ્રશ્નોનું નિરાકરણ મારાથી શક્ય નથી. જેથી ''ABVP મોરબી દ્વારા આ નિવેદનને ગંભીરતાથી લેતાં તાત્કાલિક નિરાકરણની માંગ કરવામાં આવી હતી, આથી વિરોધ પ્રદર્શનના અંતે કોલેજ પ્રશાસને ૧૫ દિવસની અંદર હોસ્ટેલ તેમજ કોલેજ કેમ્પસમાં વ્યવસ્થાઓ સુધારવાની બાહેંધરી આપી હતી.

# મોરબી મહાનગરપાલિકા દ્વારા ''મોરબીની અસ્મિતા'' કાર્યક્રમનું ભવ્ય આયોજન

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીગુજરાત સ્થાપના દિવસ નિમિતે યુવાઓમાં સંસ્કૃતિ પ્રત્યે ગૌરવ જાગૃત કરવા મહાનગરપાલિકા દ્વારા ૧ મે, ૨૦૨૫ના ગુરુવારે મોરબીના કેસરબાગમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન''મોરબીની અસ્મિતા'' નામે વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. યુવાનોની પ્રતિભાને ઊજાગર કરવા માટે અધિકારીઓ અને જનપ્રતિનિધિઓની વિશેષ ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાશે.

મોરબી મહાનગરપાલિકા દ્વારા ''મોરબીની અસ્મિતા'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિશિષ્ટ કાર્યક્રમ ૧ મે, ગુરુવારના રોજ મોરબી-૨ના કેસરબાગ ખાતે સાંજે ૬૦૦ કલાકે યોજાશે. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા (મોરબી-માળીયા) તથા ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા (ટંકારા-પડધરી) ઉપસ્થિત રહેશે. તેમજ વિશેષ અતિથિ તરીકે મોરબીના કલેક્ટર કિરણ બી. ઝવેરી અને મોરબી મહાનગરપાલિકા કમિશ્નર સ્વપિનલ ખરે ઉપસ્થિત રહેશે. કાર્યક્રમના ભાગરૂપે રાસ ગરબા, સોલો ડાન્સ, ગાયન, વાદન અને એક પાત્ર અભિનય જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. તો આ મોરબી અસ્મિતા કાર્યક્રમમાં પધારવા મોરબી મહાનગરપાલિકા દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# મોરબી કચ્છથી બોલેરોમાં રાજકોટ કતલખાને લઈ જવાતા ૧૦ પશુઓને બચાવી લેતા ગૌરક્ષકો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી અને કચ્છ ગૌરક્ષકો દ્વારા મળેલ બાતમીને આધારે કચ્છથી બોલેરોમાં અબોલ પશુઓને ભરી માળીયા(મી) થઈને પીપળીયા ચાર રસ્તા તરફથી રાજકોટ કતલખાને લઈ જવાતા હોવાની બતમીને આધારે, બોલેરોને પીપળીયા ચાર રસ્તા નજીકથી પકડી લઈ તમામ પશુને બચાવી લેવામાં આવ્યા છે, આ સાથે બોલેરોના ચાલકને મોરબી તાલુકા પોલીસ મથકમાં સોંપતા પોલીસે તેની વિરુદ્ધ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

તા. ૩૦ અપ્રિલને બુધવાર રોજ સાંજે મોરબી અને કચ્છ ગૌરક્ષક, વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, અખિલ વિશ્વ ગૌ સંવર્ધન પરિષદ દિલ્હી ગુજરાત રાજ્યને બાતમી મળેલ કે કચ્છ બાજુથી એક મોટા પ્રમાણમાં બોલેરો પીકઅપ ગાડીમાં જીવોને ભરીને કતલ કરવાના ઇરાદે માળીયા થઈને પીપળીયા ચાર રસ્તા તરફથી રાજકોટ લઈ જવામાં આવતા હોય જે હકીકત માહિતી મળતા મોરબી ગૌરક્ષકો પીપળીયા ચાર રસ્તા






નજીક વોચમાં હતા ત્યારે કચ્છ બાજુથી બોલેરો ગાડી જેના નંબર જીજે-૧૨-બીઝેડ-૪૩૪૧ વાળી ત્યાંથી પસાર થતા તેને રોકીને તેમાં ચેક કરતા, ભેંસ વર્ગના પાડા જીવ નંગ ૧૦ ને ક્રૂરતા પૂર્વક ટૂંકા દોરડાથી હલી ચલી ના શકે એવી રીતે બાંધેલા હોય કોઈ પાસ પરપીન્ટ ના હોય, આથી બોલેરો ગાડીના ચાલકની સઘન પૂછપરછ કરતા જણાવેલ કે અબોલ પશુઓને કચ્છ નખત્રાણા બાજુથી ભરેલા હોય અને રાજકોટ હાજીના ઘરે ત્યાં કતલ કરવા માટે લઈ જવામાં આવતા હોવાનું જણાવતા તુરંત ગૌરક્ષકો દ્વારા ગાડી અને આરોપી એકને મોરબી તાલુકા પોલીસ સ્ટેશન જઈને ફરિયાદ નોંધાવવામાં આવતા તાલુકા પોલીસે બોલેરો ચાલક આરોપી વિરુદ્ધ પશુ પ્રત્યે ક્રૂરતા પ્રતિબંધ અધિનિયમ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ રેડને સફળ બનાવનાર સહયોગી સાથી ગૌરક્ષકોમાં મોરબી ગૌરક્ષક, વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, રાજકોટ, વિરમગામ, કચ્છ, લીમડી, ચોટીલાના ગૌરક્ષકો જોડાયા હતા.

# મોરબી ટ્રાફિક શાખાના એ.એસ.આઇ. દેવજીભાઈ ધનજીભાઈ વય-નિવૃત, વિદાય સમારંભ યોજાયો



**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી ટ્રાફિક શાખાના એ.એસ.આઇ. દેવજીભાઈ ધનજીભાઈ કે જેઓ રવાપર ચોકડી ખાતે ફરજ ઉપર હતા, જેઓએ ૩૭ વર્ષની સેવાનાં અંતે વય નિવૃત થતા, પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ શાખાએ વિદાય સમારંભ ગોઠવ્યો હતો અને તેમને શુભકામનાઓ પાઠવી હતી.

તા. ૩૦ એપ્રિલ, ૨૦૨૫ના રોજ મોરબીના રવાપર ચોકડી ખાતે ટ્રાફિક શાખામાં ફરજ બજાવતા એ.એસ.આઇ. દેવજીભાઈ ધનજીભાઈએ તેમની ૩૭ વર્ષની સેવાઓ પૂર્ણ કરીને વય નિવૃત્તિ લીધી હતી. તેમની નિષ્ઠા, કડક શિસ્ત અને ફરજ પ્રત્યેની વફાદારીને ધ્યાનમાં લઇ પોલીસ અધિક્ષકના માર્ગદર્શન અને સૂચન મુજબ ખાસ વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારંભ દરમિયાન તેમને પુષ્પહાર તેમજ પુષ્પ-વર્ષા કરી ભવ્ય વિદાય-વિધિ અને તેઓની કામગીરી માટે પ્રશંસા પાઠવવામાં આવી હતી. આ તકે સાથી અધિકારીઓ અને કર્મચારીઓએ તેમના ભવિષ્યના જીવન માટે દીર્ઘ આયુષ્ય અને તંદુરસ્તી સાથેની શુભકામનાઓ પાઠવી હતી.

## ન્યૂઝ ફ્લેશ

### મોરબીમાં મફતિયાપરાના રહેણાંકમાંથી વિદેશી દારૂની ૮ બોટલ ઝડપાઇ, આરોપી ફરાર

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમ દ્વારા પૂર્વ બાતમીને આધારે સામાકાંઠા વિસ્તારમાં વિદ્યુતનગર પાછળ આવેલ મફતિયાપરામાં સંજયભાઈ ઉર્ફે રૂનજીના રહેણાંક મકાનમાં રેઇડ કરી હતી, ત્યારે મકાનમાંથી વિદેશી દારૂ વાઈટ લેસ વોડકાની ૮ બોટલ કિ.રૂ.૨,૮૪૮/-નો મુદ્દામાલ મળી આવ્યો હતો, દરોડા દરમિયાન આરોપી સંજયભાઈ ઉર્ફે રૂનજી જગદીશભાઈ ભડાણીયા ઉવ.૨૧ વાળો સ્થળ ઉપર હાજર નહિ મળી આવતા, આરોપીને ફરાર દર્શાવી બી ડિવિઝન પોલીસે તેની વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

### મોરબીના વાંકાનેર દરવાજા પાસેથી વર્લીભક્તની અટકાયત

મોરબીના લખધીરવાસ ચોક નજીક વાંકાનેર દરવાજા પાસે આરોપી દિનેશભાઇ છત્રભુજ જમનાદાસ કારીયા ઉવ.૬૦ જાહેરમાં વર્લી મટકાનો આકડાનો નશીબ આધારિત આંકડાઓ રમી રમતા રેઇડ દરમ્યાન જુગાર સાહિત્ય વર્લી ફીચરના આંકડા લખેલ એક ચીઠી તથા બોલપેન તેમજ રોકડા રૂ.૧૬૦૦/- ના મુદામાલ સાથે રેઈડ દરમ્યાન પકડાઈ જતા, આરોપી વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### માળીયા(મી)ના પીપળીયા ચાર રસ્તા નજીક પેન્ટના નેફામાં ઈંગ્લીશ દારૂની બે બોટલ સાથે એક પકડાયો

માળીયા(મી): તાલુકા પંચાયતથી પીપળીયા ચાર રસ્તે જવાના રસ્તા ઉપર શંકાસ્પદ હાલતમાં નીકળેલ એક શકશ્સને માળીયા(મી) પોલીસ દ્વારા રોકી તેની અંગેઝડતી કરતા, શખ્સને પેન્ટના નેફામાંથી ઇંગલુશ દારૂ મેકડોવેલ્સ વ્હિસ્કીની બે બોટલ કિ.રૂ. ૧,૧૨૨/- મળી આવી હતી, જેથી આરોપી કરશનભાઇ દેશાભાઈ બકુત્રા ઉવ.૩૨ રહે. માળીયા(મી) ના નાની બરાર ગામ વાળાની સ્થળ ઉપર અટક કરી તેની વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### વાંકાનેર સીરામીકમાં અકસ્માતે કન્વેયર બેલ્ટમાં આવી ગયેલા શ્રમિકનું મૃત્યુ

વાંકાનેરના માટેલ ગામ નજીક સનસાઈન સેરા સીરામીકના લેબર ક્વાર્ટરમાં રહેતા મૂળ મધપ્રદેશન જાંબુઆ જીલ્લાના દૂધી ગામના રહેવાસી વીજેનભાઈ કાળુભાઇ મેડા ઉવ.૧૯ ગઈકાલ તા.૩૦/૦૪ના રોજ બપોરના સમયે સનસાઇન સેરા સીરામીકમાં માટી ખાતામાં મજુરી કામ કરતો હતો તે દરમ્યાન કન્વેયર બેલ્ટમાં અકસ્માતે હાથ આવી જતા માથામાં તથા બન્ને હાથમાં ગંભીર ઇજાઓ થતા વિજેનભાઈનું મૃત્યુ નીપજ્યું હતું.

### મોરબીના ગોરખીજડીયા નજીક પોલીપેક કારખાનામાં બીમારી સબબ શ્રમિકનું મૃત્યુ

મોરબી તાલુકાના ગોરખીજડીયા ગામ નજીક આવેલ બી.એસ.પોલીપેક કારખનામાં રહેતા છોટુભાઇ કમલસીંગ કુસ્વાહ ઉવ.૨૨નું ગઈકાલ તા.૩૦ અપ્રિલના રોજ કોઈ બીમારી સબબ મૃતયી નીપજ્યું હતું, જેથી તેમના પરિવારજનો મૃતકની ડેડબોડી મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લાવતા, જ્યાં હાજર દિકતરે પોલીસને જાણ કરી હતી, જેથી તાલુકા પોલીસે સ્થળ ઉપર પહોચી મૃત્યુના બનાવ અંગે પ્રાથમિક વિગતો મેળવી અ. મોતની નોંધ કરી ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદના જુના દેવળીયા ગામે વાડીની ઓરડીમાંથી વિદેશી દારૂ-બિયરનો જથ્થો પકડી લેતી ક્રાઈમ બ્રાંચ



**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી ક્રાઇમ બ્રાંચ પોલીસ ટીમ દ્વારા પૂર્વ બાતમીને આધારે હળવદ તાલુકાના જુના દેવળીયા ગામની સીમમાં આવેલ વાડીની ઓરડીમાં રેઇડ કરી ઇંગ્લીશ દારૂની બોટલો તથા બીયર ટીન મળી કુલ કિ.રૂ.૧,૯૫,૧૪૦/- નો મુદામાલ પકડી લેવામાં આવ્યો છે, જ્યારે આરોપી વાડી-માલીક દરોડા દરમિયાન હાજર નહિ મળી આવતા તેને ફરાર જાહેર કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મોરબી એલસીબી તથા પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન હેડ કોન્સ. ચંદુભાઇ કાણોતરા, ભરતભાઇ જીલરીયા પો.કોન્સ. દશરથસિંહ પરમાર, ભગીરથસિંહ ઝાલાને સંયુકતમાં ખાનગીરાહે હકિકત મળેલ કે, જુના દેવળીયા ગામના કમલેશભાઇ માવજીભાઇ ભોરણીયાએ જુના દેવળીયા ગામની સીમમાં હળવદ હાઇવે ઉપર આવેલ પોતાના કબ્જા ભોગવટા વાળી વાડીની ઓરડીમાં ઇગ્લીશ દારૂનો જથ્થો રાખેલ છે અને તેનુ વેચાણ કરે છે. તેવી ચોકકસ હકિકત આધારે રેઇડ કરતા વાડીની ઓરડીમાંથી રોયલ સ્ટગ વ્હીસ્કીની ૧૮૦ નંગ બોટલ કિ.રૂ.૧,૨૧,૧૪૦/- તથા થંડરબોલ્ટ સ્ટ્રોંગ બિયર ટીન નંગ-૭૪૪ કિ.રૂ.૭૪,૪૦૦/-મળી કુલ કિ.રૂ.૧,૯૫,૧૪૦/- નો મુદામાલ મળી આવતા તેને કબજે કર્યો હતો, જ્યારે આરોપી કમલેશભાઇ માવજીભાઇ ભોરણીયા રહે.જુના દેવળીયા તા.હળવદ જી.મોરબી વાળો સ્થળ ઉપર હાજર નહિ હોવાથી તેની વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધાવી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેર પુલ દરવાજા નજીક એસટી બસ ચાલકની બેદરકારીએ વૃદ્ધ મહિલાનો પગ છૂંદાયો

**અચાનક એસટી બસ ચાલુ કરી દેતા મુસાફર ૭૦ વર્ષીય વૃદ્ધ મહિલાનો પગ વ્હીલમાં આવી ગયો**

**મુખ્ય સમાચાર,વાંકાનેર**

વાંકાનેર વધુ એક એસટી બસના ચાલકની બેદરકારી અને ગફલતભર્યા ડ્રાઇવિંગને કારણે વૃદ્ધ મહિલાએ પોતાનો એક પગ ગુમાવ્યો છે, જેમાં વાંકાનેર પુલ દરવાજા પાસે મુસાફરી કરવા એસટી બસમાં ચડતા સમયે એસટી ચાલક દ્વારા બસ ચાલુ કરી દેતા, વૃદ્ધ મહિલા નીચે પડ્યા હતા, તે સાણાયે એસટી બસનું વ્હીલ મહિલાના પગ ઉપર ફરી વળતા, મહિલાનો પગ ગોઠણથી નીચેનો સદંતર છૂંદાઈ ગયો હતો, હાલ વૃદ્ધ મહિલાના પતિએ એસટી બસ ચાલક વિરુદ્ધ વાંકાનેર સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.

મળતી માહિતી અનુસાર, જૂનાગઢ જીલ્લાના બગડુ ગામે બસ સ્ટેશન સામે રહેતા ત્રિકમભાઈ દેવરાજભાઈ ડોબરીયા ઉવ.૭૩ એ વાંકાનેર સીટી પોલીસ મથકમાં આરોપી એસટી બસ રજી.નં. જીજે-૧૮-ઝેડ-૯૭૦૫ ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ગઈ તા.૨૭/૦૪ ના રોજ સવારના સાતેક વાગ્યાના અરસામાં ફરીના પત્ની વિજયાબેન ત્રિકમભાઇ ડોબરીયા ઉવ.૭૦ વાંકાનેર પુલ દરવાજે એસ.ટી બસમાં બેસવા જતા હતા ત્યારે આરોપીએ પોતાના હલાવાવાળી એસ.ટી બસ બેફીકરાઇથી ગફલત ભરી રીતે ચાલુ કરી ચલાવતા ફરીયાદીના પત્ની પડી ગયા હતા, ત્યારે તેનો ડાબો પગ બસના આગળના વ્હીલમાં આવી જતા ગોઠણથી નીચેનો ભાગ સંપુર્ણ છૂંદાઈ ગયો હતો, હાલ વાંકાનેર સીટી પોલીસે એસટી બસના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

રાજકોટના ઉદ્યોગપતિ વિશ્વફલક પર ચમક્યા

# દુનિયાનું સૌથી મોટું એર કુલર બનાવીને રાજ કૂલિંગ સિસ્ટમે મેળવ્યું ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન

એર કૂલર ઉર્જા બચત, મજબૂત બોડી મટિરિયલ અને પર્યાવરણને અનુકૂળ ડિઝાઇન સાથે સુસજ્જ




મેક ઇન ઇન્ડિયા અભિયાનને વધુ મજબૂત બનાવશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સૌરાષ્ટ્ર અને ગુજરાતના ઉદ્યોગકારો માટે એક હબ છે જેમાંના એક ઉદ્યોગપતિએ પોતાની કુશળતા બતાવી વિશ્વભરમાં ડંકો વગાડ્યો છે. રાજ કૂલિંગ સિસ્ટમ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા તૈયાર કરવામાં આવેલું વિશ્વનું સૌથી મોટું ૧૫ ફૂટ ઊંચાઈ ધરાવતું એર કૂલરની સિદ્ધિને ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું હતું. એટલું જ નહિ પરંતુ રાજ કૂલિંગ સિસ્ટમ લિમિટેડ અમદાવાદ જિલ્લાની એકમાત્ર કંપની છે કે જેને રજીસ્ટ્રેશન પ્રાપ્ત થયું છે. કંપની પાસે ૮૦થી વધુ ડિઝાઇનની પેટન્ટ છે તો ૧૦૦થી વધુ ટ્રેડ માર્ક પણ છે.

રાજ કૂલિંગ સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડ, જે તેની ઉચ્ચ ગુણવત્તા અને નવા નવાચાર માટે જાણીતી છે, તેણે એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. કંપનીએ વિશ્વના સૌથી મોટા એર કૂલરનું સફળ નિર્માણ કરી, નવા નવાચાર સાથે ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં પોતાનું સ્થાન મેળવ્યું છે. આ પ્રાપ્તિ માત્ર રાજ કૂલિંગ સિસ્ટમ્સ માટે જ નહીં, પરંતુ સમગ્ર દેશ માટે ગૌરવની બાબત છે.

આ વિશ્વ રેકોર્ડ સ્થાપિત કરવામાં રાજ ગ્રુપના ચેરમેન કલ્પેશભાઈ રામોલિયાની અટલ પ્રતિબદ્ધતા અને નવીન દૃષ્ટિનો અભૂતપૂર્વ ફાળો રહ્યો છે. આ તકે કલ્પેશ રામોલિયાએ જણાવ્યું કે, "આ સિદ્ધિ માત્ર એક રેકોર્ડ નથી, પરંતુ નવાચાર અને ટેકનેલોજી દ્વારા આપણા ગ્રાહકો માટે શ્રેષ્ઠ ઉત્પાદનો આપવા માટે અમારી પ્રતિબદ્ધતાનું પ્રતિક છે. અમારી ટીમની અવિરત મહેનત અને સમર્પણ આ મહાન સિદ્ધિ પાછળ છે. આ એર કૂલર મોટી ઇન્ડસ્ટ્રી કે મોટા કાર્યક્રમોમાં જ્યાં હજારોની સંખ્યામાં લોકો ઉપસ્થિત હોય ત્યાં ઉપયોગમાં લઈ શકાશે." રાજ કૂલિંગ સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડ બે દાયકાથી કૂલિંગ ઉદ્યોગમાં કાર્યરત છે અને તે ભારતની સૌથી મોટી એર કૂલર ઉત્પાદક કંપની છે.

ISO 9001:2015 પ્રમાણિત આ કંપની ઇન્ડસ્ટ્રીયલ , ટેન્ટ અને ડોમેસ્ટિક ક્ષેત્ર માટે કૂલિંગ સોલ્યુશન્સ પ્રદાન કરે છે. નવીનતા, ગુણવત્તા અને ગ્રાહક સંતોષ એ કંપનીના મુખ્ય સ્તંભો છે. કંપની પાસે આધુનિક ટેકનેલોજી અને અત્યાધુનિક મશીનરીથી સજ્જ એક વિશાળ મેન્યુફેક્ચરિંગ યૂનિટ છે, જે દર વર્ષે લાખો એર કૂલર્સનું ઉત્પાદન કરે છે. રાજ કૂલિંગ સિસ્ટમ્સની ઉત્પાદન પ્રક્રિયા શ્રેષ્ઠ સ્ટાન્ડર્ડ્સ અને કડક ગુણવત્તા નિયંત્રણથી પસાર થાય છે, જેથી ગ્રાહકોને શ્રેષ્ઠ પ્રોડક્ટ્સ મળી રહે. કંપનીએ માત્ર ભારત જ નહીં, પરંતુ વિદેશી બજારોમાં પણ પોતાનું મજબૂત સ્થાન બનાવ્યું છે, જ્યાં તેમના ઉત્પાદનોની ડિમાન્ડ સતત વધી રહી છે.


તસવીર : આનંદ જાવીયા

## મેક ઇન ઇન્ડિયા અભિયાનને વધુ મજબૂત બનાવશે આ સિદ્ધિ

આ નવું એર કૂલર માત્ર એક પ્રોડક્ટ નહીં, પરંતુ ભારતના ઉદ્યોગ જગત માટે એક ક્રાંતિ સમાન છે. આ સિદ્ધિ સમગ્ર દેશમાં "મેક ઈન ઈન્ડિયા" અભિયાનને વધુ મજબૂત બનાવશે અને સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન આપશે. રાજ કૂલિંગ સિસ્ટમ્સ પોતાના પ્રોડક્ટ્સ દ્વારા ઉદ્યોગ અને પર્યાવરણ બંને માટે અનુકૂળ ઉકેલ પ્રદાન કરવા માટે સતત પ્રયત્નશીલ છે. આ ઉપલબ્ધિ ભવિષ્ય માટે પણ પ્રેરણા રૂપ ઉદાહરણ સાબિત થશે. દેશની પ્રગતિ માટે આ કંપની આવનારા સમયમાં પણ નવીન અને શ્રેષ્ઠ પ્રોડક્ટ લાવવાનું ચાલુ રાખશે.

મોટરનો પ્રકાર સિંગલ ફેઝ
RPM/વોટેજ: 400 RPM/૭૨૦ વોટ
ફેનનો પ્રકાર: 60 ઇંચનો એક્સિયલ ફેન
પ્રોડક્ટ નું માપ: 3050 MM × 2440 MM × 4875 MM
કુલ વજન: આશરે ૭૫૦ કિગ્રા
ટાંકી ક્ષમતા: આશરે ૨૫૦૦ લિટર

### ROXX COOL શું છે ??

ROXX COOL એ વિશાળ કદવાળું, પણ ઊર્જા બચાવતું અને કાર્યક્ષમ એન્જિનિયરિંગનો ભવ્ય નમૂનો છે. મોટા ઉદ્યોગો, ટેન્ટો અને હોલ્સ જેવી જગ્યા માટે આ કૂલર ખાસ તૈયાર કરવામાં આવ્યો છે.

### એર કુલરના મુખ્ય ફીચર્સ

* મલ્ટી-સ્પીડ સેટિંગ્સ દ્વારા જરૂરીયાત મુજબ કૂલિંગ
* વિશાળ જગ્યા માટે વિશેષ કૂલિંગ ક્ષમતા
* માત્ર યુનિટ વીજળીમાં કલાક સુધી ચાલે છે

# માહિતી ખાતા દ્વારા પ્રકાશિત પુસ્તિકાઓને આવકારતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ: "માહિતી નિયામકની કચેરી દ્વારા પ્રકાશિત થતાં વિવિધ પુસ્તિકાઓ અમને ખૂબ ઉપયોગી નીવડે છે." આ શબ્દો છે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની લાઈબ્રેરીમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવા વિદ્યાર્થીઓના.

માહિતી નિયામકની કચેરી દ્વારા ગુજરાત પાક્ષિક, રોજગાર સમાચાર, દીપોત્સવી અંક સહિત વિવિધ પ્રકીર્ણ પ્રકાશન પ્રકાશિત કરવામાં આવે છે. જે અંતર્ગત પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટ દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની લાઈબ્રેરીને ગુજરાત પાક્ષિક, લોક સંસ્કૃતિ અને કલા વૈભવ, વિકસિત ભારત વિકસિત ગુજરાત, આદિવાસી ઓળખ, વિકાસનું પંચામૃત, વન્યજીવન સહિત પુસ્તિકાઓ લાઈબ્રેરીને ભેટ કરવામાં આવી હતી. જે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓને ખૂબ મદદરૂપ થશે.

આ તકે વિદ્યાર્થી મિત્રોએ પોતાના પ્રતિભાવમાં કહ્યું હતું કે, માહિતી નિયામકની કચેરી દ્વારા પ્રકાશિત ગુજરાત પાક્ષિક તેમજ અન્ય પુસ્તિકાઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા યુવાનોને ઉપયોગી બને છે. તેમની વાતમાં સુર પુરાવતા કોન્સ્ટેબલ, પી.એસ.આઈ પરીક્ષાની તૈયારી કરતા પારુલબેન વાલાણીએ કહ્યું હતું કે, ગુજરાત પાક્ષિક હું નિયમિત વાંચું છું. આ પાક્ષિકની અંદર રાજ્ય તેમજ કેન્દ્ર સરકારની જન કલ્યાણકારી યોજનાઓ સહિત વર્તમાન કાર્યક્રમ વિશે વિસ્તૃત જાણકારી મળે છે. અન્ય એક વિદ્યાર્થી પ્રશાંતભાઈ ગ્રાંભડીયાએ કહ્યું કે, તાજેતરમાં જ મેં પોલીસ સબ ઇન્સ્પેક્ટરની પરીક્ષા આપી છે. રાજ્ય સરકાર દ્વારા પ્રકાશિત ગુજરાત પાક્ષિક તેમજ અન્ય પુસ્તિકાઓ મને આવી વિવિધ પરીક્ષાઓમાં ઉપયોગી બને છે. આમ વિદ્યાર્થીઓ સહિત સામાન્ય નાગરિકો માટે પણ માહિતી વિભાગના વિવિધ પ્રકાશનો જ્ઞાનકુંજ બની રહ્યાં છે.

# જિલ્લાના ખેડૂતોએ વિવિધ યોજનાઓનો લાભ લેવા આઈ ખેડૂત પોર્ટલ પર અરજી કરવા અનુરોધ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ: રાજકોટ જિલ્લાના ખેતી કરતા ખેડૂત મિત્રોએ વર્ષ ૨૦૨૫-૨૬ની ખેતીવાડી ખાતાની વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે આઈ ખેડૂત પોર્ટલ પર ઓનલાઇન અરજી www.ikhedut.gujarat. gov.in પર કરી શકાશે.

આ માટે તા.૧૫/૦૫/૨૦૨૫ સુધી નવીન આઇ ખેડુત પોર્ટલમાં ઓનલાઇન અરજીઓ કરી શકાશે. જેમાં ખેડૂત મિત્રોએ અરજી કરતાં પહેલા નોંધણી કરવી તેમજ નોંધણી કરવા માટે મોબાઈલ નંબર આપવો ફરજિયાત રહેશે. ત્યાર બાદ વિવિધ યોજનાઓનો લાભ લેવા ખેડુતો ઓનલાઇન અરજી કરી શકશે. પોર્ટલ પર અરજી મેળવવાની સમય મર્યાદા પૂર્ણ થયા બાદ તમામ અરજી માટે જિલ્લા/તાલુકા કક્ષાએથી ડ્રો નું આયોજન થશે અને અગ્રતા યાદી તૈયાર કરવામાં આવશે. જે મુજબ લક્ષ્યાંકની મર્યાદામાં પુર્વમંજુરી આપવામાં આવશે.જેનો લાભ લેવા સૌ ખેડુતમિત્રોને જિલ્લા પંચાયત રાજકોટના જિલ્લા ખેતીવાડી અધિકારીએ અનુરોધ કર્યો છે.

# રાજકોટ શહેરમાં હથિયારબંધી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ: રાજકોટ શહેરમાં ધાર્મિક શોભાયાત્રા, વિવિધ તહેવારોની ઉજવણી તેમજ રાજકીય પક્ષો અને સંગઠનો દ્વારા રેલી, ધરણા જેવા કાર્યક્રમો યોજાતા હોય છે. જેને ધ્યાને લઈને કાયદો વ્યવસ્થા, જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે અને અનિચ્છનીય બનાવો ન બને, તે માટે શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા દ્વારા પ્રતિબંધાત્મક આદેશો જાહેર કરાયા છે.

જે મુજબ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના વિસ્તારમાં શસ્ત્રો, તલવાર, ભાલા, ખંજર, છરી, ચપ્પા સહિત શારીરિક ઈજા કરી શકાય તેવા હથિયારો તેમજ સ્ફોટક પદાર્થ સાથે રાખીને ફરવા પર પ્રતિબંધ ફરમાવાયો છે. પરવાનાવાળા હથિયારો લઇ જવા, હવામાં ફાયર કરવા, મેળા, ધાર્મિક સરઘસ કે સમુદાયમાં લઇ જવા મનાઈ છે. પથ્થરો અને શસ્ત્રો ફેંકવાના સાધનો એકઠા કરવા તથા સરઘસ સાથે સળગતી મશાલો રાખવા તેમજ પુતળા બાળવા-લટકાવવા-ફાંસી આપવા તેમજ બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવાની મનાઈ કરાઈ છે. પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના સંચાલક અને કર્મચારીએ ફરજ સિવાયના સમયે જાહેર જગ્યાએ લાયસન્સવાળા હથિયારો લઇ જવા પ્રતિબંધ છે. જીગઝેક પ્રકારના ચાઈનીઝ બનાવટના ચપ્પુઓ સાથે રાખવા અને વેચાણ કરવાની મનાઈ છે. ઉપરાંત, સુરૂચિનો ભંગ થતો હોય અથવા રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવા, નકલ કરવા તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો તૈયાર કરવા અને તેનો ફેલાવો કરવા પર પ્રતિબંધ મુકાયો છે.

ઉલ્લેખનીય છે કે સરકારી કર્મચારી કે જેને ઉચ્ચ અધિકારીએ કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, વૃદ્ધો તથા અશકતો કે જેઓને લાકડીના ટેકે ચાલવાનું હોય તેમજ સક્ષમ સત્તાધિકારી તરફથી જેને પરવાનગી આપવામાં આવેલી હોય તેવી વ્યકિતઓને આ હુકમો લાગુ પડશે નહીં. તા. ૦૧/૦૫/૨૦૨૫થી તા. ૩૦/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેનાર આ આદેશોનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

## ઉનામાં મુસ્લિમો એ ૧૫ મિનિટ લાઈટ બંધ કરીને વકફ બિલનો વિરોધ નોંધાવ્યો

**મુખ્ય સમાચાર,ઉના**
**અબ્દુલ પઠાણ**

ઉના શહેરમાં રાત્રી દરમિયાન મુસ્લિમ બિરાદરોએ ૧૫ મિનિટ માટે ઘર, દુકાનો અને ફ્લેટની લાઈટો લઘુમતીઓએ બંધ કરી અને વિરોધ નોંધાવ્યો જેમાં મુસ્લિમ બિરાદરોએ વકફ બિલનો વિરોધ અનોખા અંદાજમાં નોંધાવ્યો થોડીક વાર માટે લઘુમતી વિસ્તારમાં અંધાર પટ છવાઈ ગયું હતું ત્યારે ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલલો બોર્ડની દ્વારા સોશિયલ મીડિયામાં વોટસોપ ઇન્સ્ટાગ્રામ ફેસબુક તેમજ અન્ય સોશિયલ સાઇડ ઉપર મેસેજ વાયરલ થયો હતો આપણે વકફ બિલનો વિરોધ અનોખા અંદાજમાં નોંધાવીએ મુસ્લિમ વિસ્તારમાં થોડીવાર માટે લાઈટ બંધ કરી હતી

જ્યારે ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડની આવાઝ પર વકફ એમેડમેન્ટ બીલના વિરોધમાં પોતાના ઘર અને દુકાનની લાઈટો બંધ કરવા અપીલ કરવામાં આવી હતી.

# રાજકોટ શહેરના ૩૬ જેટલા સ્થળોને "નો ડ્રોન ઝોન" જાહેર કરાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ: શહેર વિસ્તારમાં સુરક્ષા અર્થે પોલીસ કમિશનરશ્રી બ્રજેશ કુમાર ઝા દ્વારા રાજકોટ શહેરમાં આવેલ સરકારી કચેરીઓ, સબ સ્ટેશનો, મંદિર, હોસ્પિટલ, ડેરી, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ જેવા ૩૬ સ્થળો પર યુ.એ.વી કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલ ડ્રોન કે રીમોટ કંટ્રોલ સંચાલિત એરીયલ મિસાઈલ, હેલીકોપ્ટર કે પેરાગ્લાઈડર, રીમોટ કંટ્રોલ સંચાલિત માઇક્રોલાઇટ એરક્રાફટના ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવી આ સ્થળોને નો ડ્રોન ઝોન જાહેર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત અન્ય સ્થળોએ પણ ડ્રોન ઉડાવવા માટે ડ્રોન સંચાલકે નજીકના પોલીસ સ્ટેશનમાં મોડલ નંબર, વજન ક્ષમતાની વિગતોની નોંધણી કરાવવાની રહેશે તેમજ ઉપયોગ પહેલા મંજૂરી લેવાની રહેશે.

સુરક્ષા એજન્સીના રીમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ એરક્રાફ્ટને આ આદેશ લાગુ પડશે નહીં. આ આદેશોનો અમલ રાજકોટ શહેરમાં તમામ વિસ્તારમાં તા.૧.૫.૨૦૨૫ થી તા.૩૦.૦૬.૨૦૨૫ સુધી કરવાનો રહેશે, જેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

## મોરબીમાં ડૉ. કિન્નરી જેસ્વાણીની અભૂતપૂર્વ સિદ્ધિ: પીએચડીની પદવી મેળવી

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીની કિન્નરી ઈશાન જેસ્વાણી (કિન્નરી ચેતનકુમાર મથરાણી)એ ઇલેક્ટ્રિકલ ક્ષેત્રે સફળ સંશોધન બાદ પીએચડી પદવી પ્રાપ્ત કરી છે. તેમણે કોરોનાકાળ જેવી કપરા સંજોગો વચ્ચે પણ અવિરત ૭ વર્ષના પ્રયાસોથી આ સિદ્ધિ મેળવી છે.

મોરબીના જેસ્વાણી પરિવારની લાડકી અને હોંશિયાર દીકરી કિન્નરી ઈશાન જેસ્વાણીનું નામ હવે ડૉ. કિન્નરી તરીકે ઓળખાશે. તેમણે ઈલેક્ટ્રિકલ ક્ષેત્રમાં ૭ વર્ષ સુધી નિષ્ઠાપૂર્વક સંશોધન કરી આ સિદ્ધિ હાંસલ કરી છે. કોરોના મહામારી જેવી વૈશ્વિક કટોકટી, વિપરીત ઘડીના સંજોગો અને ઘરેલૂ જવાબદારીઓ વચ્ચે પણ કિન્નરીએ ધીરજ સાથે સતત પ્રયત્નો કર્યા હતા. તેમના સંશોધન પત્રને સત્તાવાર સ્વીકાર મળતાં હવે તેમને પીએચડીની ઉપાધિ આપી દેવામાં આવી છે.

આ પ્રસંગે સમગ્ર જેસ્વાણી પરિવારમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. પરિવારજનો તેમજ મોરબી શહેરના આગેવાનોએ કિન્નરીને તેમના આ સિદ્ધિ માટે શુભેચ્છાઓ પાઠવી છે તથા તેમના ભવિષ્ય માટે શુભકામનાઓ અને આશીર્વાદ પણ પાઠવ્યા છે.

## મોરબી અને વાંકાનેરમાં બે સ્પામાં કામ કરતા કર્મચારી અંગેના ફોર્મ પોલીસ મથકે ન ભરનાર વિરુદ્ધ કાર્યવાહી

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી અને વાંકાનેર તાલુકાના ભાયાતી જાંબુડીયા એમ બે સ્પા પાર્લરમાં એએસઓજી પોલીસ ટીમ દ્વારા ચેકીંગ હાથ ધર્યું હતું, જેમાં સ્પામાં કામ કરતી વર્કરોના આઈડી પ્રુફ સહિતની વિગતોના ફોર્મ ભરી સંબંધિત પોલીસ મથકે જમા નહિ કરાવનાર બંને સ્પા-માલીક સામે મોરબી એસઓજી ટીમ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી એસઓજી પોલીસ ટીમ જીલ્લા કલેકટરના જાહેરનામા અનુસંધાને વિવિધ સ્પા પાર્લરોમાં ચેકીંગની કામગીરીમાં હોય તે દરમિયાન મોરબી-વાંકાનેર નેશનલ હાઈવે ઉપર ઓનેસ્ટ હોટલની બાજુમાં આદ્યશક્તિ ચેમ્બર-૨ ના ત્રીજા માળે આવેલ સિગ્નેશર વેલનેશ સ્પા પાર્લરના માલીક પરિમલભાઈ ગોપાલભાઈ વાઘેલા ઉવ.૨૮ રહે.મોરબી ઓમકાર રેસિડેન્સી લીલાપર રોડ વાળાએ અને વાંકાનેર તાલુકાના ભાયાતી જાંબુડીયા નજીક હાઈવે રોડ ઉપર હિમાલ્યા પ્લાઝાના બીજા માળે આવેલ ઓમ સાઈ સ્પા મસાજ પાર્લરના માલીક હેમુભાઇ રણછોડભાઇ મીઠાપરા ઉવ.૩૨ હાલરહે મકનસર, તુલસી રેસીડન્સી-૨ તા.મોરબી મુળરહે. નડાળા તા.સાયલા જી.સુરેન્દ્રનગર વાળાએ પોતાના કબજા ભોગવટા વાળા સ્પામાં કામ કરતી સ્પા વર્કરના બાયોડેટાના ફોર્મ ભરી પોલીસ સ્ટેશનમાં નોંધ નહી કરાવી જીલ્લા મેજીસ્ટ્રેટ મોરબીના જાહેરનામાનો ભંગ કર્યો હોય, ત્યારે હાલ મોરબી એસઓજી ટીમ દ્વારા બન્ને આરોપીઓની અટક ન કરી, માત્ર નોટિસ આપી, કલમ ૨૨૩ મુજબ ગુનો નોંધાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## "રાજકોટમાં ઘૂસણખોર બાંગ્લાદેશીઓનો આંકડો ૧૫ થયો"

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પહેલગામમાં થયેલ આતંકવાદી હુમલામાં ૨૬ નિર્દોષ ઝીંદગીનો ભોગ લેવાયો હતો. જેમાં દેશભરમાં આક્રોશ છવાયો હતો અને કેન્દ્ર સરકાર એક્શનમાં આવી હતી. જેમાં કેન્દ્ર સરકાર દ્વારા તમામ રાજ્યને જાણ કરી ગેરકાયદેસર વસવાટ કરતાં બાંગ્લાદેશી અને પાકિસ્તાનીઓની ઓળખ મેળવી ડિપોર્ટ કરવા માટેના કરેલ આદેશ બાદ રાજ્ય સરકાર અને ગૃહ વિભાગ પણ એક્શનમાં આવ્યું હતું.જેમાં રાજકોટ શહેર પોલીસ કમિશ્નર અને એડી. સીપી મહેન્દ્ર બગડીયા અને ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ એસઓજી, ક્રાઈમ બ્રાન્ચ, પીસીબી, એલસીબી અને સ્થાનિક પોલીસની ટીમોએ શહેરભરમાં દરોડા પાડ્યા હતાં અને રામનાથપરા, કરણપરા ભગવતીપરા સહિતના વિસ્તારોમાં જઈ સઘન તપાસ આદરી પહેલાં મહિલાઓ સાહિત ૧૩ બાંગ્લાદેશીઓને પકડ્યા બાદ વધુ બે શખ્સોને પકડી તપાસનો દોર તેજ બનાવ્યો હતો. પ્રાપ્ત વિગત મુજબ, સરકારના આદેશ મુજબ શહેર એસઓજી, ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી, પીસીબી, સ્થાનીક પોલીસ સહિતની ટીમોએ શહેરભરમાં તપાસનો ધમધમાટ આદર્યો હતો.

# જામનગર એસપી પ્રેમસુખ ડેલુએ ૯૫ પોલીસકર્મીઓની આંતરીક બદલી કરી




**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર શહેર અને જિલ્લા પોલીસ વિભાગમાં મોટા પ્રમાણમાં ફેરફાર કરવામાં આવ્યા છે. એસપી પ્રેમસુખ ડેલુએ ૯૫ પોલીસકર્મીઓની આંતરીક બદલીના આદેશ જારી કર્યા છે.તાજેતરમાં એસપીએ કેટલાક પોલીસ કર્મીઓને બઢતી આપી હતી. આ દરમિયાન ૭ પોલીસ ઇન્સ્પેક્ટરની આંતરીક બદલી કરવામાં આવી હતી. બે દિવસ પહેલા વધુ બદલીઓના આદેશ આપવામાં આવ્યા છે.આ બદલીઓમાં વિવિધ વિભાગોના કર્મચારીઓનો સમાવેશ થાય છે. જેમાં સીટી-એ, સીટી-બી, સીટી-સી, કાલાવડ, જોડીયા અને મહિલા પોલીસ સ્ટેશનના કર્મચારીઓ છે. સાથે જ સીપીઆઈ કચેરી ધ્રોલ, એર સિક્યુરીટી અને પોલીસ હેડ કવાર્ટરના કર્મચારીઓની પણ બદલી કરાઈ છે. આ ઉપરાંત જામનગર સીપીઆઈ કચેરી, એસસીએસટી સેલ, એમટી વિભાગ અને જામજોધપુરના કર્મચારીઓની બદલી થઈ છે. પંચ-બી, બેડી મરીન, સિક્કા, મેઘપર, ક્યુઆરટી વિભાગ, સાયબર ક્રાઈમ, બેન્ડ વિભાગ, ટ્રાફિક શાખા, લાલપુર અને પંચ-એ ખાતે ફરજ બજાવતા કર્મચારીઓની પણ બદલી કરવામાં આવી છે.

# તા.૪ મેના જામનગર જિલ્લામાં વિવિધ પાંચ કેન્દ્રો પર ૧૯૩૭ પરીક્ષાર્થીઓ આપશે NEET (UG)ની પરીક્ષા

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર, આગામી તા.૪-૫-૨૦૨૫ ના રોજ જામનગર જિલ્લામાં યોજાનાર NEET(UG) ૨૦૨૫ની પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તેમજ પરીક્ષાલક્ષી તમામ વ્યવસ્થાઓ સુચારૂ રીતે અમલી બને તે હેતુથી જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને કલેટર કચેરીના સભાખંડમાં બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.આ બેઠકમાં કલેક્ટરએ ઉપસ્થિત અધિકારીઓને માર્ગદર્શન આપતા જણાવ્યું કે જ્યારે આપણું બાળક પરીક્ષા આપતું હોય ત્યારે આપણે જેટલી કાળજી લઈએ છીએ તેટલી જ કાળજી અને વ્યવસ્થાઓ આ પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ માટે પણ કરીએ. સાથે જ પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય તેમજ કોઈ અવ્યવસ્થા ન સર્જાય તેમજ સમગ્ર પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે માટે આગોતરા આયોજન સાથે કામગીરી હાથ ધરીએ. સાથે જ બેઠકમાં કલેક્ટરશ્રીએ તમામ સેન્ટર પર પરીક્ષા લક્ષી કીટ પહોંચી જાય, જરૂરી વીજ પુરવઠો જળવાઈ રહે, વ્હીલચેરની વ્યવસ્થા, ફર્સ્ટ એડ કીટ-ઓ.આર.એસ. ઉપલબ્ધ કરાવવા, પાર્કિંગ વ્યવસ્થા, ટ્રાફિક




નિયમન, ઝામર અને સીસીટીવી લગાવવા તથા તેનુ બેકઅપ જાળવવું વગેરે અંગે ઉપસ્થિત અધિકારીઓ સાથે ચર્ચા કરી જરૂરી સૂચનો કર્યા હતા. તેમજ અધિકારીશ્રીઓને પરીક્ષા અગાઉ પરીક્ષા કેન્દ્રોની મુલાકાત લઈ આનુસંગિક તમામ વ્યવસ્થાઓની ચકાસણી કરવા પણ જણાવ્યું હતું.અલિયાબાડા તથા વાલસુરા પહોંચવા માટે એસ.ટી. વિભાગ જામનગર દ્વારા વિશેષ બસ સેવા.ઉનાળા દરમિયાન NEETની પરીક્ષા આપતા પરીક્ષાર્થીઓને મુશ્કેલી ન પડે તે માટે એસ.ટી. વિભાગ જામનગર દ્વારા પરીક્ષા કેન્દ્ર અલિયાબાડા તથા વાલસુરા માટે વિશેષ બસોની વ્યવસ્થા કરાઈ છે. આ માટે એસ.ટી. ડેપો જામનગર ખાતેથી સવારે ૧૦ કલાકે બસ ઉપડશે તેમજ પરિક્ષા પૂર્ણ થયે પરિક્ષાર્થીઓને જામનગર પરત લાવશે. NEETની પરીક્ષા કેન્દ્રીય વિદ્યાલય-૦૧ એરફોર્સ સ્ટેશન, કેન્દ્રીય વિદ્યાલય-૦૩ એરફોર્સ સ્ટેશન, કેન્દ્રીય વિદ્યાલય-૦૨ ઈન્ફન્ટ્રીલાઈન્સ, કેન્દ્રીય વિદ્યાલય વાલસુરા તેમજ જવાહર નવોદય વિદ્યાલય અલિયાબાડા ખાતે બપોરે બે થી પાંચ કલાક દરમિયાન યોજાશે. આ તમામ પરીક્ષા કેન્દ્રો ખાતેના મુખ્ય દ્વારથી પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચવા માટે પણ તંત્ર દ્વારા વાહનની વ્યવસ્થા કરવામાં આવી છે.સાથે જ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જરૂરી પોલીસ સ્ટાફની ફાળવણી કરવામાં આવી છે.તેમજ દરેક પરીક્ષા કેન્દ્રો પર ડૉક્ટર સહિતની આરોગ્ય ટીમની પણ નિયુક્તિ કરાઈ છે.આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર બી.એન.ખેર, પ્રાંત અધિકારી ગ્રામ્ય તથા શહેર, જિલ્લા પુરવઠા અધિકારી, નાયબ કલેક્ટર સ્ટેમ્પ ડ્યુટી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી, નાયબ પોલિસ અધિક્ષક, પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારી, જિલ્લા શિક્ષણાધિકારી, ડિવિઝનલ કંટ્રોલર જી.એસ.આર.ટી.સી., પી.જી.વી.સી.એલ, આર્મી, એરફોર્સ તથા નેવીના અધિકારીઓ તેમજ તમામ પરિક્ષા કેન્દ્રોના સેન્ટર સુપરવાઈઝરઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નવયુગ વિદ્યાલયમાં વાર્ષિકોત્સવ સાંસ્કૃતિક કાર્યક્રમ "સિતારે નવયુગ૨૦૨૫"નું ધમાકેદાર આયોજન

**મુખ્ય સમાચાર,મોરબી**

નવયુગ વિદ્યાલય મોરબીમાં વાર્ષિકોત્સવ- સાંસ્કૃતિક કાર્યક્રમ "સિતારે નવયુગ૨૦૨૫" ધમાકેદાર રીતે ઉજવાયો. જેમાં KG થી ધોરણ ૧૨ માં પ્રથમ,દ્વિતીય અને તૃતીય નંબર પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ HSC અને SSC બોર્ડમાં પોતાના વિષયમાં ૧૦૦ ટકા પરિણામ લાવનાર શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું

આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં અલગ અલગ થીમની ધમાકેદાર કૃતિ રજૂ કરવામાં આવી હતી. જેમાં સોમનાથના ઇતિહાસની કૃતિએ તમામ શ્રોતાને મંત્રમુગ્ધ કરી દીધા હતા. કાર્યક્રમના અંતમાં કાશ્મીરના પહેલગામ હુમલામાં મૃત્યુ પામેલા દિવંગતોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.




આ કાર્યક્રમમાં નામાંકિત હાસ્ય કલાકાર સાંઈરામ દવે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે હળવા હાસ્ય સાથે વાલીઓને પેરેન્ટિગ ટિપ્સ આપી હતી.તેમજ ડૉ. ગુણવંતભાઈ આરદેશના, શૈલેષભાઇ દેત્રોજા, હિમાંશુભાઈ કુંડારીયા, હરેશ ભાઈ બોપલિયા, જિલેષભાઇ કાલરીયા, નિલેશભાઈ કુંડારીયા, હર્ષદભાઈ કાવર, ડૉ વૈશાલી વડનગરા, ડૉ. મયુર સદાતિયા, ડૉ. વિશાલ રાજપરા, ડૉ. દીપ્તિ કાંજીયા, ડૉ. મેહુલ પનારા, મહેશભાઈ ભોરણીયા ઉપસ્થિત રહ્યાં હતાં.

સમગ્ર કાર્યક્રમ પી. ડી. કાંજીયા સાહેબ તથા રંજનબેન કાંજીયા તેમજ બળદેવભાઈ સરસવાડિયાના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.નવયુગના મૅનેજિંગ ડિરેક્ટર નિલેશભાઈ અધારા, સંતોકીસાહેબ , પરેશભાઈ, હસમુખભાઈ, મનોજભાઈ તથા કોરિયોગ્રાફર ભાસ્કરભાઈ તેમજ તમામ સ્ટાફમિત્રોએ આ કાર્યક્રમને સફળ બનાવવા ખૂબ જહેમત ઉઠાવી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રૈયાધારના ચકચારી હત્યા તથા એટ્રોસીટીના ગુન્હામાં આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરતી રાજકોટ એડિશનલ સેશન્સ કોર્ટ

### આરોપી દ્વારા મરનારને ૩૬ જેટલી ઈજાઓ કરવાનો આરોપ હતો



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રૈયા ધાર, શાંતિનગરના ગેઈટ પાસે મરણજનાર હિતેશભાઇ ભુપતભાઇ લઢેર અને આરોપી તૌફીકભાઈ બશીરભાઈ ખાંડુ વચ્ચે કોઈ કારણોસર બોલાચાલી થતાં આરોપી તૌફીકભાઈ બશીરભાઈ ખાંડુએ મરણજનાર હિતેશભાઇ લઢેરને શરીર પર લાકડાના હાથાવ- ળા પટાથી અને પ્લાસ્ટિકના પાઇપથી શરીર પર બંને પગમાં, બંને હાથમાં, વાસાના ભાગે અને છાતીના ભાગે જીવલેણ ૩૬ જેટલી ઈજાઓ પહોચાડેલ જે ઈજાઓને કારણે મરણજનાર બેભાન થઈ જતાં હિતેશભાઇને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત સરકારી હોસ્પિટલે લઈ જવામાં આવેલ હતા સરકારી હોસ્પિટલે ફરજ પરના હાજર ડોક્ટર એ મૃત જાહેર કરેલ હતા. મુળફરિયાદી લક્ષ્મીબેન લઢેરની ફરિયાદ પરથી ગાંધીગ્રામ-૨(યુનિ)પોલીસે આરોપી તૌફીકભાઈ બશીરભાઈ ખાંડુ હત્યા અને એટ્રોસીટીના ગુન્હામાં ધરપકડ કરેલ હતી અને આરોપી પાસેથી બંને હથિયાર કબ્જે કરવામાં આવેલ હતા. ત્યારબાદ આરોપી તૌફીકભાઈ બશીરભાઈ ખાંડુને જેલ હવાલે કરેલ હતો. ત્યારબાદ હાલનો કેસ રાજકોટની એડિશનલ સેશન્સ કોર્ટમાં ચાલી જતાં ફરિયાદીની જુબાની,વિવિધ પંચનામાં ના પંચો, તથા તપાસ કરનાર અધિકારી, મેડિકલ ઓફિસરની જુબાની વિગેરે ની જુબાની નોંધ્યા બાદ તથા ફરિયાદપક્ષ અને આરોપીના વકીલ ની દલીલો સાંભળ્યા બાદ તથા ઉચ્ચ ન્યાયાલયોના ચુકાદાઓના માર્ગદર્શક સિદ્ધાંતોને ધ્યાને લઈને રાજકોટ એડિશનલ સેશન્સ કોર્ટ દ્વારા આરોપી તૌફીકભાઈ બશીરભાઈ ખાંડુને નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવેલ છે.

આ કામમાં આરોપી તૌફીકભાઈ બશીરભાઈ ખાંડુ વતી રાજકોટના એડવોકેટ રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જીતભાઈ શાહ, ફેઝાનભાઈ સમા, દિપકભાઈ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા રોકાયેલ હતા.

# ખેલમહાકુંભ ૨૦૨૫ માં લોન-ટેનીસની રમતમાં રાજકોટનું ગૌરવ વધારતી હીરવા રંગાણી

### રાજય લેવલે રાજકોટનું ગૌરવ વધારી અને બ્રોન્ઝ મેડમ મેળવતી આલીયા ટેનીસ એકેડમીની પ્લેયર હીરવા રંગાણી





**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાત સરકાર ધ્વારા દર વર્ષ જીલ્લા કક્ષાએ તેમજ રાજય કક્ષાએ ખેલ મહાકુંભનુ આયોજન કરવામાં આવે છે જે અંર્તગત ૨૦૨૫ માં સૌ-પ્રથમ જીલ્લા કક્ષાએ કાઠીયાવાડી જીમખાનામાં રમાયેલ લોન-ટેનીસની ટુર્નામેન્ટમાં રાજકોટ શહેર-જીલ્લામાં આલીયા ટેનીસ એકેડમીમાં કોચીંગ મેળવતી ટેનીસ પ્લેયર ' હીરવા રંગાણી'' એ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ હોય જે અંર્તગત આ ટુર્નામેન્ટમાં વિજેતા થયેલ એક થી પાંચ નંબર ઉપર આવેલ ખેલાડીઓને રાજય લેવલની ટુનામેન્ટમાં ભાગ લેવા માટે સીલેકટ કરવામાં આવતા હોય છે.

જે રાજય કક્ષાની ટુર્નામેન્ટ આગીમી તા.૨૩/૦૪/૨૦૨૫ તથા ૨૪/૦૪/૨૦૨૫ ના રોજના અમદાવાદ ખાતે ગુજરાત યુનિર્વસીટી ટેનીસ ગ્રાઉન્ડ ખાતે આયોજન કરવામાં આવેલ હોય જેમાં સમગ્ર રાજયમાં જીલ્લા તેમજ શહેર લેવલના ૧ થી ૫ નંબરમાં સીલેકટ થયેલ ખેલાડીઓ વચ્ચે આ ટુનામેન્ટ રમાયેલ હોય જે ટુનામેન્ટમાં આશરે ૬૪ જેટલા ખેલાડીઓ વચ્ચે આ સ્પર્ધા યોજાયેલ હોય હોય જેમાં રાજકોટ જીલ્લા કક્ષાએ નંબર-૧ સ્થાન ઉપર આવેલ આલીયા ટેનીસ એકેડમીની ટેનીસ પ્લેયર હીરવા રંગાણીએ પ્રથમ-બીજો અને ત્રીજા રાઉન્ડમાં આસાની જીત મેળવીને સેમી-ફાઈનલમાં પ્રવેશ મેળવેલ હતો તેમજ સેમી-ફાઈનલમાં પણ ખુબ ફાઈટીંગ સ્કોર સાથે માત્ર બે ગેમના અંતરથી પરાજય થયેલ હોય પરંતુ ત્રીજા સ્થાન માટેની મેચમાં આસાન જીત મેળવીને રાજય કક્ષાએ ત્રીજો ક્રમ મેળવી બ્રોન્ઝ મેડમ પ્રાપ્ત કરી સમગ્ર રાજયમાં રાજકોટ શહેર-જીલ્લાનુ ગૌરવ વધારેલ છે. તેમજ અગાઉ પણ તેમને ઈન્ટરનેશનલ લેવલે અંડર-૧૪ ટુનામેન્ટની ડબલ કેટેગરીમાં વિજેતા થઈ એવોર્ડ મેળવેલ હતો

આ બ્રોન્ઝ મેડમ મેળવતાની સાથે હીરવા રંગાણીને તેમની એકેડમીના કોચ સૌરભ રઘુવંશી તેમજ સાથી ખેલાડીઓ તથા તેમની સ્કુલ જીનીયસ સ્કુલના સંચાલકો, તથા અન્ય સગા સંબંધીઓ તેમજ રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનના અધિકારીઓ તેમની જીત તેમજ બ્રોન્ઝ મેડમ મેળવવા તથા રાજકોટનું રાજય કક્ષાએ ગૌરવ વધારવા બદલ અભિનંદન પાઠવી શુભેચ્છા પાઠવેલ છે.

હાલ હીરવા રંગાણી રાજકોટ રાજકોટ મ્યુનિ.કોર્પોરેશન સ્થિત ૬-ટેનીસ કોર્ટ ઉપરની આલીયા ટેનીસ એકેડમી ખાતે હેડ કોચ સૌરભરઘુવંશી પાસે કોચીંગ મેળવી રહેલ છે.

# જિલ્લા ગાર્ડન પાસે બાપુનગરમાં થયેલી હત્યાના મુખ્ય આરોપી ગ્રીનલેન્ડ ચોકડી પાસેથી ઝડપાયો

### યુવાનનો ફોન ચેક કરવા મુદે થયેલો ઝઘડો હત્યા સુધી પહોંચ્યો અગાઉ બે શખ્સોની ધરપકડ કરાઈ,તી



**મુખ્ય સમાચાર,રાજકોટ**

જીલ્લા ગાર્ડન નજીક બાપુનગરમાં યુવાનની તેના જ મિત્ર સહિત ત્રણ શખસોએ છરીના ઘા ઝીંકી હત્યા કરી હતી બનાવના પગલે ભકિતનગર પોલીસે ત્રણ સામે હત્યાનો ગુનો નોંધી બે શખસોને સકંજામાં લઈ અન્ય એકની શોધખોળ હાથ ધરતા મુખ્ય સૂત્રધાર ગ્રીનલેન્ડ ચોકડી પાસે ઉભેલ હોવાની બાતમી આધારે દબોચીલીધો હતો

આ અંગેની માહિતી મુજબ જીલ્લાગાર્ડન બાપુનગર સ્લમ કવાર્ટરમાં રહેતો ઈશાન મુસ્તફાભાઈ કાસમાણી ઉ.૨૦ નામનો યુવક ઘર નજીક નાસ્તાની લારી ધરાવતા હનિભાઈને ત્યાં કામે હતો ત્યારે અફઝલ આવ્યો અને યુવકને સાથે લઈ ગયો હતો.દરમ્યાન રાત્રીના નવેક વાગ્યાની આસપાસ યુવક જીલ્લા ગાર્ડન બાપુનગર મેઈન રોડ પરના સ્મશાન પાસે હતો ત્યારે અમન મહેબુબભાઈ ચૌહાણ ધસી આવ્યો હતો.અને યુવક પર પાઈપથી તૂટી પડયો હતો.હિચકારો હુમલો થતાં યુવકે દેકારો કરતા લોકો એકઠા થયા હતા. અમને યુવકને છરી વડે પેટ અને ગળાના ભાગે હુમલો કરતા યુવકને ગંભીર ઈજા પહોંચતા તાકિદે સારવાર અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડતા ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કરતા બનાવ હત્યામાં પલ્ટાયો હતો.બનાવ અંગેની જાણ થતા જ એસીપી ભાવેશ જાદવ,પીઆઈ સરવૈયા, એએસઆઈ નીલેશ મકવાણા, સહિતના દોડી જઈ મૃતકના પિતા મુસ્તુફા કાસમાણીની ફરિયાદ પરથી અમન મહેબુબભાઈ ચૌહાણ,અફઝલ સિકંદરભાઈ જુણેજા અને સાહિલ હુશેન પતાણી સામે હત્યાનો ગુનો નોંધી બન્નેની ધરપકડ કરી હતી.જયારે ફરાર અમનની શોધખોળ હાથ ધરતા ગ્રીન લેન્ડ ચોકડી પાસે ઉભેલ હોવાની બાતમી આધારે તેને દબોચી ગુનાનો ભકિતનગર પોલીસે ભેદ ઉકેલી નાખ્યો છે.

# હ્યુન્ડાઈ કારના રૂા. ૧૯.૫૧ લાખના સ્પેરપાર્ટસ બારોબાર વેચી કર્મચારીએ કરી છેતરપિંડી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગોંડલ રોડ ઉપર આહિયા કોમર્શિયલ કોમ્પલેક્સમાં આવેલી કોન્સેપ્ટ મોબિશ કંપનીમાં સેલ્સ એક્ઝિક્યુટિવ તરીકે નોકરી કરતાં શખસે હ્યુન્ડાઈ કારના ૧૯.૫૧ લાખના સ્પેરપાર્ટસ બારોબાર વેચી છેતરપિંડી આચરતાં પોલીસે ગુનો નોંધ્યો હતો.

આ અંગે કોન્સેપ્ટ મોબિશ કંપનીના વાઈસ પ્રેસિડેન્ટ વિવેક અશોકભાઈ ભંડારીએ નોંધાવેલી ફરિયાદમાં ગોંડલ રોડ ઉપર આવેલી ઓફિસમાંથી હ્યુન્ડાઈ કંપનીની કારના પાર્ટસ છેલ્લા ચાર વર્ષથી વેચવામાં આવી રહ્યા છે અને આ ઓફિસમાં સેલ્સ એક્ઝિક્યુટિવ તરીકે દીપક ગોવિંદભાઈ વાળા નોકરી કરતો હતો.

દરમિયાન જાન્યુઆરીમાં કંપનીની મુખ્ય બ્રાન્ચમાંથી એવી જાણ કરવામાં આવી હતી કે ૧૧.૩૦ લાખના પાર્ટસ વેચાઈ ગયા છે પરંતુ તેનું પેમેન્ટ જમા થયું નથી.

આ પછી તપાસ કરવામાં આવતાં જે પાર્ટસ વેચાયા તેનું ચૂકવણું દીપક વાળાને થઈ ગયાનું સામે આવતાં દીપકને આ અંગે અલગ-અલગ ૬૨ ગેરેજ, દુકાનમાં પાર્ટસ વેચ્યા બાદ પૈસા કંપનીમાં જમા ન કરાવ્યા પૂછાયું હતું પરંતુ તેણે થોડા દિવસમાં પૈસા આપી દેશે તેવો વાયદો કર્યો હતો. ત્યારબાદ વધુ તપાસ કરવામાં આવતાં દીપક વાળાએ અલગ-અલગ ૬૨ ગેરેજ અને પાર્ટસનું વેચાણ કરતાં દુકાનમાં માલ વેચ્યો હોવાનું સામે આવ્યું હતું. આ પ્રકારે તેણે ૧૫.૦૧ લાખનો માલ વેચી તેની ઉઘરાણી પણ કરી લીધી હતી જ્યારે ૪.૫૦ લાખ સ્પેરપાર્ટસ પણ ગાયબ કરી દઈ કુલ ૧૯,૫૧,૧૧૭ની છેતરપિંડી આચરતાં પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

# સોરઠીયાવાડી સર્કલ પાસે ગારમેન્ટના શોરૂમમાં ૧.૩૭ લાખની ચોરી કરનાર ત્રિપુટીની ધરપકડ

### મામા-ભાણેજે પ્લાન બનાવી કર્મચારી સાથે મળી હાથફેરો કર્યો હતોઃ કાઈમ બ્રાંચે ભેદ ઉકેલી નાખ્યો



**મુખ્ય સમાચાર,રાજકોટ**

સોરઠીયાવાડી સર્કલ પાસે ગારમેન્ટના શોરૂમમાં થયેલ ૧.૩૭ લાખની ચોરીમાં ઘરના જ ઘાતકી નીકળતા ક્રાઈમ બ્રાંચે ચોરીનો ભેદ છે ઉકેલી નાખી કર્મચારી અને પ્લાન બનાવનાર મામા-ભાણેજ સહીત ત્રણેયની ધરપકડ કરી ૩૧ હજારની રોકડ કબજે કરી છે.

આ અંગેની વિગતો મુજબ ગેંગસ્ટર મેન્સવેર નામની દુકાનમાંથી ગત ૧૨ તારીખે ૧,૩૬,૮૦૦ની રોકડની ચોરી થવા અંગે કર્મચારી વિવેકભાઈએ ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી દરમિયાન આ ચોરીનો ભેદ ઉકેલવા ક્રાઈમ બ્રાંચ પીઆઈ એમ આર ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ કે મોવલીયા અને ટીમે પ્રત્યનો શરૂ કર્યા હતા સીસીટીવી આધારે તપાસ કરતા ચોરી કરવા આવેલ શખ્સ સિક્યુરીટીનો ડ્રેસ પહેરીને આવ્યો હોય અને આ ઘટના વેળાએ કર્મચારી રણવીર ઉર્ફે રાણો કચરો ફેકવા બહાર જતો હોય જે શંકાસ્પદ જણાતા પોલીસે નવેક માસથી નોકરી કરતા રણવીર ઉર્ફે રાણો પરમાર જીવરાજભાઈ પરમારને સકંજામાં લઇ પૂછ્તાછ કરતા પોતે ભાંગી પડયો હતો અને મામા-ભાણેજ કરણ વાલજીભાઈ સોલંકી અને કોહીનુર દિનેશભાઈ જાદવએ પ્લાન બનાવ્યો હોવાનું અને પોતાને ૩૦ હજાર મળ્યાની કબુલાત આપતા પોલીસે ત્રણેયની ધરપકડ કરી ૩૧ હજારની રોકડ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# બેંગલોરમાં મામાના ઘરે રોકાવા ગયેલી યુવતીએ ઝેરી દવા પી લેતા સારવારમાં મોત



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ રહેતી ૧૮ વર્ષીય યુવતી અઠવાડિયા પૂર્વે બેંગલોર મામાના ઘરે વેકેશનમાં રોકવા ગઈ હોય ત્યારે તેણે ત્યાં ઝેરી દવા પી લીધી હતી. જે બાદ પરિવારે યુવતીની વધુ સારવાર રાજકોટ કરવા માંગતો હોય જેથી તેણીને રાજકોટ સિવિલમાં ખસેડાઈ હોય પરંતુ અહીં સારવાર ચાલુ થાય તે પેહલા જ યુવતીએ દમ તોડી દેતો પરિવારમાં શોક છ્વાઈ જવા પામ્યો છે.

આ અંગેની મળતી માહિતી મુજબ સાધુવાસવાણી રોડ પર જનકપુરી કોમ્પલેક્સમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા અને અહીં જ રહેતા સંજયભાઈ સાઉન્ડની ૧૮ વર્ષો ય પુત્રી અઠવાડિયા પૂર્વે બેંગલોર મામાના ઘરે વેકેશન કરવા ગઈ હતી જ્યાં કોઈ કારણસર તેણે અઠવાડિયા પૂર્વે ઝેરી દવા પી લીધી હોય જેથી તેણીને પ્રથમ બેંગ્લોરની વિક્ટોરિયા સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ ત્યાંથી બેંગ્લોરની મનીપાલ પ્રાઈવેટ હોસ્પિટલમાં રીફર કરવામાં આવી હતી.એક અઠવાડિયા પૂર્વે દવા પી બાદ રાજકોટ ખસેડાતાં સારવાર મળેલો હોસ્પિટલમ દાખલ કરાઈ હતી પરંતુ અહીં હજુ યુવતીને સારવાર મળે ત્યાં જ તેણીએ દમ તોડી દીધો હતો.

બનાવ અંગે હોસ્પિટલ ચોકના એએસઆઈ સી.જે.ઝાલા અને રાઈટર ભગીરથસિહ સહિતના સ્ટાફે જરૂરી કાર્યવાહી કરી હતી. વધુમાં મૃતક પૂજા ૩ ભાઈ ૧ બહેનમાં મોટી હતી અને એક મહિના પેહલા બેંગલોર મામાના ઘરે રોકાવા ગઈ હતી ત્યારે યુવતીએ ક્યાં કારણોસર આ પગલું ભર્યું તે સામે આવ્યું ન હતું.


# વીરપુરમાં બાયોડીઝલ વેચાણનો પર્દાફાશઃ ચાર ઝડપાયા, બેલડી ફરાર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

વીરપુર પોલીસ મથકના પીઆઈ એસ જી રાઠોડ અને ટીમ પેટ્રોલીંગમાં હતી હાઈવે ઉપર આવેલ અંકુર હોટલ પાછળ દરોડો પાડ્યો હતો જ્યાં ગેરકાયદે ભેળસેળયુક્ત ડીઝલનું વેચાણ ચાલતું હોય પોલીસે બાયોડીઝલ વેચતા જેતપુરના રબારીકાના કમલેશ દિનેશભાઈ વાંક, જેતલસરના જયવંત જીવકુભાઈ હુદળ, જેતપુરના સુલતાન મહમદભાઈ લાખાણી અને ડીઝલ પુરાવવા આવેલ ભાવનગરના ઈમ્તિયાઝ ઈબ્રાહીમભાઈ તરકવાડિયાની ધરપકડ કરી ૨,૨૦,૧૦૦નું ૩૧૦૦ લીટર ડીઝલ, ૨૦ હજારની સ્ટોરેજ માટેની બેલોખંડની ટાંકી, ૨૫ હજારનું ડીસ્પેન્ચર મશીન, ૫ લાખની બોલેરો, ૨૦ લાખના બે ટ્રક અને ૨૦ હજારના ચાર મોબાઈલ સહીત ૨૭.૮૫ લાખનો મુદામાલ કબજે કરી પૂછ્તાછ કરતા જેતપુરના જસકુ જીતુભાઈ હુદળ અને ધર્મેશ લક્ષ્મણભાઈ કુંમરનું નામ ખૂલતા તે બંનેની શોધખોળ હાથ ધરી છે જયવંત હુદળ અગાઉ દારૂના એકગુનામાં પકડાઈ ચુક્યો છે.

# ચોટીલા-સાયલા હાઈવે પર લાઈટ ડીઝલ ઓઈલનો જથ્થો ઝડપાયો

### ૪.૩૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ડે. કલેકટરે કાર્યવાહી હાથ ધરી હાઈવે ઉપર બેરલ દ્વારા ગેરકાયદેસર ઈધણ ભરવાનો મોટો કારોબાર હોવાની આશંકા!



**મુખ્ય સમાચાર,ચોટીલા**

ચોટીલા હાઈવે ઉપર એક પીક અપ વાનમાં એલડીઓ નો જથ્થો ભરેલ બેરલો મળી આવતા ૪.૩૪ નો મુદ્દામાલ જમ કરી રાજકોટ જિલ્લાના પરવાનેદાર અને ચાલક વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે મળતી માહિતી મુજબ ચોટીલા ડે. કલેક્ટર એચ. ટી. મકવાણાની ટીમે મઘરીખડા ગામ પાસે પીકઅપ વાન ને અટકાવી તલાશી લેતાં તેમા શંકાસ્પદ લાઇટ ડીઝલ ઓઇલનો જથ્થો ભરેલા બેરલ હતા ઝડપાયેલ જથ્થાનાં પરવાનેદાર જયદીપભાઈ રસિકભાઈ વઘાસીયા હોવાનું તેમજ ધંધા ના સ્થળ તરીકે કોટડા સાંગાણી નું નારણકા ગામ નો પરવાનો હોવાની છે. વિગતો ખુલી હતી તંત્ર એ પરવાનાનો દૂર ઉપયોગ કરી પરવાનો ગાડીમાં સાથે રાખી અત્રે વેચાણ કરતા વાનમાં ભરેલ ૧૧ બેરલ લાઈટ ડીઝલ ઓઇલ જમ કરી ૧,૩૪,૯૯૨ નું એલડીઓ અને પીક અપ મળી ૫,૩૪,૯૯૨ નો મુદ્દામાલ જપ્ત કાર્યવાહી હાથ ધરી છે.

ચોટીલા પ્રાત અધિકારી દ્વારા હાલ આ ઝડપાયેલા જથ્થાને જમ કરી તેના સેમ્પલ લઈ તેને સીલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરાતા ફફડાટ વ્યાપી ગયો અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટ લીમડી નેશનલ હાઈવે ઉપર ગેરકાયદે પ્રવાહીનાં વેચાણની પ્રવૃતિઓ મોટા પાયે ચાલતી હતી જેમા ચોટીલાની કેટલીક હોટલોમાં ચાલતા ગોરખધંધા ઉપર તવાઈ આવતા હવે અને અધિકૃત વાહનોમાં ગે. કા ઈંધણ ભરી આપવાનો ધંધો રર્નીંગ વાહનમાં શરૂ કરવામાં આવ્યો હોવાની આશંકા ઉપજી રહી છે. ત્યારે આ ગોરખધંધા પાછળ હમા પધ્ધતિ પણ હોવાનું કહેવાય છે.

# રાજકોટ-જામનગર હાઈવે પર ન્યારા પાટીયા પાસે સ્કોર્પિયો કાર હડફેટે યુવકનું મોત

■ ત્રણ પુત્રીએ પિતાની છત્રછાયા ગુમાવતા સગર્ભા પત્ની આઘાતમાં સરી પડી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ-જામનગર હાઈવે પર ન્યારા પાટીયા પાસે આવેલ દેશી ભાણું રેસ્ટોરન્ટનો ૩૨ વર્ષીય કર્મચારી રોડ ક્રોસ કરી રહ્યો હોય ત્યારે પૂરપાટ ઝડપે આવેલી સ્કોપિયો કારના ચાલકે યુવકને હડફેટે લેતા તેનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. યુવકના મોતથી તેણીની ત્રણ પુત્રીએ પિતાની છત્રછાયા ગુમાવી હોય જેથી સગર્ભા પત્ની આઘાતમાં સરી પડી છે.

આ અંગેની મળતી વિગતો મુજબ, જામનગર હાઈ-વે પર ન્યારા ગામના પાટિયા પાસે આવેલ દેશી ભાણું રેસ્ટોરન્ટમાં કામ કરતો અને અહીં જ રહેતો ૩૨ વર્ષીય જીતુભાઈ મોહનભાઈ કોળી નામનો યુવક મંગળવારે રાત્રિના ૧૦.૩૦ વાગ્યા આસપાસ રોડ ક્રોસ કરી રહ્યો હતો દરમિયાન પૂરપાટ ઝડપે ધસી આવલી એક કાળા કલરની સ્કોપિયો કારના ચાલકે યુવકને હડફેટે લેતા યુવકને માથે અને શરીરે ગંભીર ઇજા પહોંચતા ઘટના સ્થળે જ તેનું કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. વધુમાં મૃતકે જીતુભાઈ એક બહેન અને એક ભાઈમાં મોટા છે.તેઓને સંતાનમાં ત્રણ પુત્રી અને પરિવારના જણાવ્યા મુજબ તેમની પત્નીને ૮ માસનો ગર્ભછે. યુવકના મોતથી પરિવારમાં ઘેરો કલ્પાંત છ્વાઈ જવા પામ્યો છે.

# શાપર વેરાવળ પોલીસે સગીરાનુ અપહરણ કરી દુષ્કર્મ આચરનાર શખ્સને દબોચી લીધો


### સગીરા સાથે પ્રેમસંબંધ હોવાથી ભગાડી ગયો'તોઃ પોલીસે સગીરાને મુકત કરાવી આરોપીને દબોચી લીધો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શાપર વિસ્તારમાંથી બે દિવસ પૂર્વે સગીરાને શખસ ભગાડી જતા શાપર-વેરાવળ પોલીસે શખસ સામે અપહરણનો ગુનો નોંધી શોધખોળ હાથ ધરતા તે ભોગ બનનાર સાથે રાજકોટના માંડા ડુંગર વિસ્તારમાં હોવાની બાતમી આધારે દબોચી અપહૃત સગીરાને મુકત કરાવી પરિવારને સોંપી હતી. શખસે સગીરાને મારકુટ કરી વિવિધ સ્થળે દુષ્કર્મ આચર્યુ હોવાની જાણ થતા પોલીસે પોકસો સહિતની કલમોનો ઉમેરો કરી ધરપકડ કરી હતી.

આ અંગેની માહિતી મુજબ શાપર-વેરાવળ વિસ્તારમાં રહેતા પરિવારની સગીર પુત્રી ઘરેથી લાપતા બનતા પરિવારજનોએ શોધખોળ કરી હતી.દરમ્યાન નવાગામ રંગીલા ઢોરાપર રહેતો વિશાલ ચંદુભાઈ જાડા ઉ.૨૨ નામનો શખસ ભગાડી ગયો હોવાની પરિવારજનોને શાપર પોલીસમાં ફરિયાદ નોંધાવતા પીઆઈ આર.બી.રાણાના માર્ગદર્શન હેઠળ સ્ટાફે ગુનો નોંધી વિવિધ ટીમો બનાવી તપાસ હાથ ધરતા આરોપી રાજકોટના માંડાડુંગર વિસ્તારમાં હાજર હોવાની બાતમી આધારે ટીમ દોડવાઈ હતી.દરમ્યાન આરોપી અપહૃત સાથે મળી આવતા પોલીસે શખસના સકંજામાંથી મુકત કરાવી આરોપીની ધરપકડ કરી હતી. ભોગ બનનાર સગીરાએ પરિવારને જણાવ્યું હતું કે વિશાલે મારકુટ કરી વિવિધ સ્થળે તેણી સાથે દુષ્કર્મ આચર્યુ હોવાની પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે શખસ સામે પોકસો સહિતની કલમોનો ઉમેરો કરી કાર્યવાહી હાથ ધરી હતી પ્રાથમિક તપાસમાં આરોપીને સગીરા સાથે પ્રેમસંબંધ હોવાથી ભગાડી ગયો હોવાનું જાણવા મળ્યું છે.

# જસરાજનગરમાં સેન્ટીંગના ધંધાર્થીએ જીવન ટૂંકાવ્યું




**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં દોઢસો ફૂટ રીંગ રોડ વિસ્તારમાં રહેતા સેન્ટીંગના ધંધાર્થીએ હું મારી રીતે પગલું ભરૂ છું. કોઈનો વાંક નથી તેવી ચિઠ્ઠિ લખી ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવી લેતા કયાં કારણોસર પગલું ભર્યુ તે જાણવા તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ ઉમિયા સર્કલ પાસે જસરાજનગર-રમાં રહેતા અને સેન્ટીંગ કામના કોન્ટ્રાકટ રાખતા ચેતનભાઈ હર્ષદભાઈ મોરીધરા ઉ.૩૭ નામના યુવાનના પત્ની સવારે પાંચેક વાગ્યે જાગ્યા ત્યારે પતિ રૂમમાં ન દેખાતા બહાર નીકળીને જોતાં પતિ હોલની છ્તના હુકમાં દોરી બાંધી લટકતા જોવા મળતા દેકારો મચાવતા સસરા અને પાડોશીઓ દોડી આવ્યા હતા.અને ઘટનાની ૧૦૮ને જાણ કરતા ઈએમટીએ તપાસી મૃત જાહેર કરી બનાવની તાલુકા પોલીસને જાણ કરતા મયુર ઠાકર, કિરીટ રામાવત સહિતનો પોલીસ સ્ટાફ દોડી જઈ મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડી તપાસ હાથ મૃતક પાસેથી એક ચિઠ્ઠી મળી આવી હતી. જેમાં લખ્યું હતું કે હું મારી જાતે પગલું ભરૂ છું, કોઈનો વાંક નથી, પપ્પા હું તમને સાચવી ન શકયો મને માફ કરજો, મારી દીકરીનું ધ્યાન રાખજો તેવું લખેલું હતું.આપઘાતનું ચોકકસ કારણ બહાર ન આવતા પોલીસે ચિઠ્ઠી કબજે કરી તપાસ યથાવત રાખી છે. યુવાનના મોતથી બે પુત્રીઓએ પિતાનું છત્ર ગુમાવ્યું છે.

# લોઠડાથી ભાયસર ગામની વચ્ચે બાઈક-સવાર પ્રૌઢનું નીલગાય સાથે અથડાતા મોત

### બે દિવસ ખાનગી હોસ્પિમાં સારવાર બાદ સિવિલ હોસ્પિ.માં ખસેડતા દમ તોડયોઃ વિંછીયા જેટકોમાંથી પુત્રની શાપર બદલી થતા સામાન ફેરવવા જતા'તા



**મુખ્ય સમાચાર,રાજકોટ**

સુરતના મોટા વરછા રહેતા પ્રૌઢના પુત્રની વિંછીયા જીઈબીમાંથી શાપર બદલી થતા ઘરવખરીનો સામાન ફેરવવા બાઈક લઈ લોઠડાથી ભાયાસર ગામની વચ્ચે રોડ ઉપરથી શાપર જતા હતા તે દરમ્યાન બાઈક સવાર પ્રૌઢ નીલગાય સાથે અથડાતા ગંભીર ઈજા પહોંચતા રાજકોટ સારવાર અર્થે ખાનગી હોસ્પિ.માં ખસેડાયા હતા.બાદ બેભાન હાલતમાં સિવિલ હોસ્પિ.માં ખસેડતા ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કર્યા હતા. સુરત મોટા વરાછાના વૈદાંત સિટી અંબામ રોડ પર રહેતા રમેશકુમાર ભાણજીભાઈ દેત્રોજા ઉ.૫૨ નામના પ્રૌઢ ગત.તા.૨૮ના બપોરે અઢી વાગ્યા આસપાસ લોઠડા અને ભાયસર ગામ વચ્ચે રોડ ઉપરથી જતા હતા તે વેળાએ નીલગાય સાથે બાઈક અથડાતા માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તાકિદે ૧૦૮ મારફતે ખાનગી હોસ્પિ.માં ખસેડાયા હતા.જયાં બે દિવસની સારવાર લીધા બાદ બેભાન હાલતમાં સિવિલ હોસ્પિ.માં ખસેડતા ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કરતા હોસ્પિ.ચોકીના સ્ટાફે નોંધ કરી આજીડેમ પોલીસને જાણ કરતા જમાદાર હરસુળભાઈ ડાંગર સહિતનો સ્ટાફ દોડી જઈ તપાસ હાથ ધરતા મૃતક સુરતમાં હિરા ઘસવાનું કામ કરતા હતા.અને તેના પુત્રની વિંછીયા જીઈબીમાંથી શાપર બદલી થતા તેનો ઘરવખરીનો સામાન સ્વીફ્ટ માતા-પુત્ર આગળ ફોરવ્હીલમાં હતા.અને પાછળ બાઈકને મૃતક જતા હતા તે વેળાએ બનાવ બન્યો હોવાનું જાણવા મળ્યું છે. પરિવારના મોભીનું અકાળે મોત નિપજતાં શોક વ્યાપી જવા પામ્યો છે.